

પરકી તો ક્યા બાત, અધિકાર તો યહાં રાગકા ભી નહીં. જો રાગકા અધિકારી હોતા હૈ વો દ્રવ્યકા અધિકારી નહીં, શુભાશુભ ભાવોંકા સ્વામી હૈ વો આત્માકા અધિકારી નહીં.

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૫ સં. ૨૦૫૧ (૬૨૦) ✻ આત્મધર્મ ✻ (અંક-૧૨ વ૫-૫૨) વીર સં. ૨૫૨૧ જૂન, ૧૯૯૫

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* જિનેન્દ્રભગવાનકા કહા હુઆ ઉપભોગ યહ હૈ કિ સંસારમેં ભ્રમણ કરાનેવાલે પાંચો ઇન્દ્રિયોંકે વ મનકે ઉપભોગોંકો ત્યાગ કરકે જિન-વાણીકે અક્ષરોંકો વ વાક્યોંકો ભલે પ્રકાર જાના જાવે તથા અપને ભીતર આત્માકો શુદ્ધ પરમાત્માકે સમાન અનુભવ કિયા જાવે. ૪૧૬.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૪૯૪)

* દેહદેવળમાં જે શક્તિ સહિત દેવ વસે છે, હે યોગી! તે શક્તિ-માન શિવ કોણ છે? એનો ભેદ તું જલ્દી ગોતી કાઢ. ૪૧૭.

(મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૫૩)

* જો જીવ પરદ્રવ્યમેં રત હૈ, રાગી હૈ, વહ તો અનેક પ્રકારકે કર્મોંસે બંધતા હૈ, કર્મોંકા બંધ કરતા હૈ ઔર જો પરદ્રવ્યસે વિરત હૈ—રાગી નહીં હૈ, વહ અનેક પ્રકારકે કર્મોંસે છૂટતા હ, યહ બંધકા ઔર મોક્ષકા સંક્ષેપમેં જિનદેવકા ઉપદેશ હૈ. ૪૧૮.

(શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૩)

* સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી, તેમાં નિમિત્ત પરસંગ જ (—પરદ્રવ્યનો સંગ જ) છે,— આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.) ૪૧૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૭૫)

* ભાવકર્મ જે મોહરાગદ્વેષરૂપ — અશુદ્ધ ચેતનારૂપ — પરિણામ, તે અશુદ્ધ પરિણામ વર્તમાનમાં જીવની સાથે એક પરિણમનરૂપ છે, તથા [illegible] પરિણામની સાથે વર્તમાનમાં જીવ વ્યાપ્ય-વ્યાપકરૂપ પરિણમે છે,

કહાન
સંવત-૧૫
વર્ષ-૫૧
અંક-૧૨
[ ૬૨૦ ]

વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
JUNE
A. D. 1995




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# □ ચોરાશીની જેલમાંથી છૂટકારાનો ઉપાય □

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૫૮ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની આ ૮૪મી ગાથા છે, તેમાં મૂઢના લક્ષણો કહે છે અર્થાત્ અજ્ઞાનીનું સ્વરૂપ બતાવે છે.

दुक्खहँ कारणि जे विसय ते सुह–हेउ रमेइ ।
मिच्छाइट्ठिउ जीवडउ इत्थु ण काई करेइ ॥ ८४ ॥

મિથ્યાદૃષ્ટિ જીવ દુઃખના કારણ એવા પાંચ ઇન્દ્રિયના વિષયોને સુખનું કારણ જાણીને તેમાં રમણ કરે છે તેથી મિથ્યાદૃષ્ટિ જીવ આ સંસારમાં કયું પાપ ન કરે? બધાં પાપ કરે છે. અર્થાત્ જીવોની હિંસા કરે છે, જૂઠું બોલે છે, બીજાનું ધન હરે છે, પરસ્ત્રી સેવન કરે છે, અતિ તૃષ્ણા કરે છે, ઘણો આરંભ કરે છે, ખેતી કરે છે, ખોટાં ખોટાં વ્યસન સેવે છે, જે ન કરવાયોગ્ય છે એવા બધાં કામને પણ તે કરે છે.

આત્મામાં અતીન્દ્રિય આનંદ અને સુખ છે તેનું ભાન નથી એવા મૂઢ અજ્ઞાની જીવો સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ પાંચેય ઇન્દ્રિયના વિષયોને સુખના કારણ જાણીને સેવે છે, જે ખરેખર દુઃખના કારણ છે પણ તેમાં જ સુખ માન્યું હોવાથી તે કોઈ પાપ કરવું બાકી રાખતો નથી. સમ્યગ્દૃષ્ટિને પણ પાંચ ઇન્દ્રિયના વિષયો તો હોય છે પણ તેમાં તેણે સુખ માન્યું નથી. ભોગ ભોગવવો તેને ધર્મી ઉપસર્ગ માને છે, ઝેર માને

છે, દુઃખ માને છે. સમ્યગ્દષ્ટિ ગ્રહસ્થાશ્રમમાં રાજપાટમાં હોય પણ ધર્મીને ક્યાંય સુખબુદ્ધિ હોતી નથી. રૂપ, રસ, ગંધ, વર્ણ આદિના વિષયમાં તેને ક્યાંય સુખબુદ્ધિ થતી નથી. ધર્મીની દૃષ્ટિમાં જ ફેર છે. તેની દૃષ્ટિ તો એક આત્માના જ્ઞાનાનંદ સ્વભાવ ઉપર રહેલી હોય છે.

પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખબુદ્ધિ હોવાથી મિથ્યાદૃષ્ટિને તેના ભોગના કાળે તેમાં મીઠાશ લાગે છે, મજા આવે છે. પ્રેમથી તેને ભોગવે છે. આબરૂ, કીર્તિના શબ્દો સાંભળતાં તેને સુખ લાગે છે તેથી આબરૂ, કીર્તિ અને વિષયાદિ માટે તે શું શું પાપ ન કરે! સુંદર સ્ત્રી, સારા બાળકો આદિના રૂપમાં મોહિત મિથ્યાદૃષ્ટિ જીવ રૂપ માટે શું પાપ ન કરે! ભોગમાં સુખ લાગે છે તેથી તને માટે પરસ્ત્રીને હરી લાવે, કોઈની હિંસા કરે, કોઈને દુઃખી કરે વગેરે કયા પાપ તે ન કરે! ભોગ ભોગવવામાં તો પાપ છે પણ તેની પ્રાપ્તિ માટે બીજા પણ આવા અનેક પાપ તે કરે છે. ભોગની અનુકૂળતા સાધવા માટે પાપ કરવામાં તે કાંઈ બાકી રાખતો નથી.

સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેથી ભોગના કાળે ભોગ ભોગવવા છતાં તેમાં તેને મીઠાશ લાગતી નથી. ભોગ ભોગવવાનો રાગ આવે છે તે પણ તેને દુઃખરૂપ લાગે છે. જ્યારે અજ્ઞાનીને તેમાં સુખ લાગે છે. સ્પર્શેન્દ્રિયના વિષયભોગમાં પશુ હોય, મનુષ્ય હોય કે દેવ હોય, તેને અંતરમાં હોંશ, હરખ અને મીઠાશ લાગે છે તેથી તે વિષયોની અનુકૂળતા મેળવવા માટે ગમે તે પાપ કરવું પડે તે કરીને પણ વિષય મેળવવા માગે છે. માટે તો તેને અહીં મૂઢ કહ્યો છે.

અનુકૂળ સ્પર્શ, અનુકૂળ રૂપ મેળવવા, અનુકૂળ રસ, ગંધ, વર્ણ આદિ મેળવવા તથા આબરૂ, કીર્તિ માટે અજ્ઞાની જૂઠું બોલે, હિંસા કરે, ચોરી કરે...કોઈ પાપ બાકી ન રાખે. ગરીબ માણસોને લૂંટે, સધનને નિર્ધન કરે, હિંસા પણ કરે, જૂઠું પણ હદ બહાર બોલે, બીજાના ધનાદિ ચોરીને પણ પોતાના વિષયોને અનુકૂળ બનાવે. જ્ઞાનીને તો પૂર્વના પુણ્યના ઉદયથી વિષયને અનુકૂળ સામગ્રી મળી હોય તોપણ તેમાં તેને સુખબુદ્ધિ નથી, મીઠાશ વેદાતી નથી અને તેના ભોગવટાનો રાગ આવે છે તે પણ દુઃખરૂપ લાગે છે તેથી વિષયો માટે ધર્મી અન્યાય તો કરતો જ નથી, વિષય સામગ્રીની તેને ભાવના જ હોતી નથી.

અજ્ઞાની મૂઢ મિથ્યાદૃષ્ટિને તો વિષયની મીઠાશનો મીણો ચડી ગયો છે તેથી કોઈ રૂપાળી સ્ત્રીને જુએ તે ભલે તિર્યંચણી હોય કે દેવી હોય તેને ભોગવવાનો પણ ભાવ આવી જાય છે. અરે! માંસ અને હાડકાના ચૂંથણામાં તેને મીઠાશ લાગે છે!

તેથી તે કંઈ સ્ત્રી માટે પાપભાવ ન કરે! ઘણી તૃષ્ણા કરે છે, ઘણો આરંભ કરે છે. શાસ્ત્રમાં કેટલાંય આવા પ્રસંગો આવે છે! સ્ત્રી માટે લડાઈ કરે, પૈસા માટે લડાઈ કરે, જમીન માટે લડાઈ કરે. જર, જમીન અને જોરૂ આ ત્રણ માટે કજીયા કરે. કેમકે તેમાં મૂઢને મીઠાશ વેદાય છે કે અમારે તો આટલું ધન છે! અમારે આટલી જમીન છે! અમારે આટલા બંગલા છે, મારે આટલી તો સ્ત્રી છે! અમારે નોકર-ચાકર એવા કે એક ઓર્ડર કરીએ ત્યાં હજાર આવીને ઊભા રહે!...આમ પરપદાર્થના વલણવાળા ભાવમાં તેને મીઠાશ લાગે છે અને પોતાના સ્વભાવની તો ખબર નથી માટે તેને અહીં મૂઢ કહ્યાં છે.

સમ્યગ્દષ્ટિને પણ બહારમાં પાંચેય ઇન્દ્રિયના વિષયો દેખાય છે પણ તેને મીઠાશ લાગતી નથી, દુ:ખ લાગે છે. રાજપાટના ભોગમાં પણ તેને પ્રેમ નથી. તેથી વિષયોને મેળવવાની તેને ભાવના હોતી નથી. ધર્મીને તો મારા આત્મામાં એકાગ્રતા કેમ વધે! આનંદ કેમ વધે! એવી ભાવના હોય છે.

મૂઢ તો, બીજાં કરતાં મોટાં ગણાવવાના પ્રેમ ખાતર—મોટો શેઠિયો કે રાજા ગણાઉં એ માટે કેટલી જમીન રાખે અને ખેતી કરાવે. તેમાં અનેક જીવોની હિંસા થાય તેને ન ગણે. જમીનના પોલાણમાં સર્પ, દેડકાં વગેરે રહેતાં હોય તે પણ ખેડ કરતાં મરી જાય તે પાપને ગણતો નથી. વળી, મૂઢ અજ્ઞાની ભોગની મીઠાશને વશ થઈને ખોટાં ખોટાં વ્યસનો સેવે છે. શરીર સારું રહે તો ભોગ ખૂબ લેવાય એ માટે માંસ ખાય, દારૂ પીએ, કોડલીવર પીએ...શરીર તંદુરસ્ત રહે ઘણો કાળ ટકે તો ઘણાં ભોગ ભોગવાય એવી મૂઢતાને સેવે છે.

મોટા મોટા રાજા હોય તે પણ વિષયલોલુપતાવશ કયા પાપ નથી કરતાં! સાતેય વ્યસનોને સેવે છે. દારૂ પીવે, જુગાર ખેલે, શિકાર કરે, પરસ્ત્રી સેવે, વેશ્યાગમન કરે, જૂઠું બોલે, ચોરી કરે વગેરે અનેક પાપોને તે સેવે છે. પોતાના વિષયની મીઠાશને વેદવા માટે ન કરવાયોગ્ય કામને પણ તે કરે છે.

એક વાણિયા—શેઠને પાંચ લાખની ખોટ ગઈ હતી અને ઘરમાં પચાશ હજાર પણ ન હતાં, તો આબરૂ ન જાય એ માટે પૈસા મેળવવા માટે તેને કોઈએ કહ્યું કે ઊંચી જાતના અમુક માછલાની આંખ એવી હોય છે કે તેને તળતાં મોતી થઈ જાય છે તેને વેચવાથી ઘણો પૈસો થાય તો એ માટે તે કસાઈના ઘરે જઈને માછલાની આંખ તળાવતો. કસાઈને પણ એમ કે તે ખોજો હશે પણ વાણિયો થઈને આવા કામ કરતો હતો! જુઓ, આબરૂં માટે નહિ કરવાયોગ્ય કામ વાણિયો હોવા છતાં કર્યું ને!

એટલે અહીં કહે છે, મૂઢ કયા પાપને ન કરે! બધાં જ પાપ તે કરે છે કેમ કે, મારું સુખ મારામાં છે તેની તો એને ખબર નથી અને બહારથી માન્યું છે તેથી તેને મેળવવા માટે નહિ કરવાયોગ્ય પાપ પણ એ કરે છે.

મારું સુખ પાંચ ઇન્દ્રિય, તેના વિષયો કે રાગમાં કદી ત્રણકાળમાં હોય નહિ એવું ભાન નથી તે શું ન કરે! કાળા કેર કરી નાંખે છે. પોતાની આબરૂની મીઠાશ આડે સંતો, મુનિઓને પણ અવર્ણવાદમાં નાંખી દે છે. વારિષેણ મુનિની કથામાં આવે છે કે ચોરી કરીને ચોર નીકળ્યો તેની પાછળ તેને પકડવાવાળા દોડયાં તો રસ્તામાં વારિષેણ મુનિને ધ્યાનમાં ઊભેલાં જોયાં ત્યાં પોતે ચોરેલી વસ્તુ મુનિ પાસે મૂકીને ભાગી ગયો. એમ વિચાર ન કર્યો કે મુનિ ઉપર ચોરીનો આરોપ આવશે અને મુનિને મારી નાંખશે. અરે! પોતાના વિષયોની મીઠાશ અને આબરૂ માટે મુનિને મારે, ગાળો આપે એનાથી પણ વિશેષ એ શું શું કરી નાંખે તેની કોઈ મર્યાદા જ નથી.

અહા! પરમાત્મપ્રકાશમાં પણ કાંઈ વાત કરી છે! કહે છે ભગવાન આત્મામાં જ મારું જ્ઞાન, આનંદ, સુખ, શાંતિ આદિ બધું જ છે એવી દૃષ્ટિ, રુચિ, શ્રદ્ધા અને જ્ઞાન થયાં નથી એવા જીવો પરમાં મીઠાશની કલ્પના કરીને કયા પાપ ન કરે! એક બાજુ ભગવાનની પૂજા-ભક્તિ કરે પણ અંદરમાં પરમાં મીઠાશ પડી છે તો કાળા કેર કરી નાંખે એવા પાપ પણ કરતો જાય છે.

ભાવાર્થ :—મિથ્યાદૃષ્ટિ જીવ વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિથી ઉત્પન્ન પરમાનંદ પરમસમરસીભાવરૂપ સુખથી પરાન્મુખ થયેલો નિશ્ચયથી મહા દુઃખરૂપ વિષયોને સુખના કારણ સમજીને સેવન કરે છે પણ તેમાં સુખ નથી.

ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શનમાં વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિથી ઉત્પન્ન —રાગરહિત પરમશાંતિથી ઉત્પન્ન થયેલ પરમ આનંદ અને પરમ સમરસીભાવ હોય છે. આત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શનમાં જેટલો રાગ નાશ થાય છે એટલો અરાગ-વીતરાગભાવ પણ પ્રગટ થાય છે. અનંતાનુબંધી કષાયનો નાશ થાય છે અને સામે એટલી જ શાંતિ અને સિદ્ધ જેવો અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે તેવા સુખ, શાંતિ અને આનંદનો મિથ્યાદૃષ્ટિમાં અભાવ છે તેનાથી વિપરીત દુઃખ અને અશાંતિ છે, સમ્યગ્દર્શનની શું કિંમત છે તેની લોકોને ખબર નથી.

આત્માનું સમ્યક્ ભાન થતાં અનંતાનુબંધીનો અંતરમાં અભાવ હોય છે અને અભેદ આત્માની અનુભૂતિની શાંતિનો સદ્ભાવ હોય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ બાહ્યમાં દુઃખ હોવાથી દુઃખી નથી અને બહારમાં રાજપાટ આદિ હોવા છતાં તેનાથી સુખી

નથી. તે તો પોતાના અનુભવની શાંતિ અને આનંદને વેદતો સુખી છે. તેને પરમાં સુખબુદ્ધિ જ નથી. ભલે છન્નુ હજાર રાણીના ભોગમાં હોય, રાણી પણ સમકિતી હોય, વૈભવનો પાર ન હોય તેની તેને મીઠાશ નથી. અંદરમાં રાગ હોવા છતાં તેમાં મીઠાશ નથી.

આવા સમ્યગ્દર્શનથી વિરૂદ્ધ એવા મિથ્યાદર્શનમાં પડેલો જીવ નિશ્ચયથી મહાદુઃખરૂપ એવા વિષયોને સુખના કારણ સમજીને સેવે છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, વર્ણ, આબરૂ, કીર્તિ આદિના વિષયો આત્માની અતીન્દ્રિય શાંતિ અને સુખથી વિપરીત છે. વિષયોમાં સુખની કલ્પના થાય છે તે પણ એટલી જ દુઃખરૂપ છે. તેને દુઃખરૂપ નહિ જાણતાં મિથ્યાદૃષ્ટિ તેને જ સુખરૂપ માને છે. તેથી તેને જ સેવે છે તેથી તેની સાચી શાંતિ અને સમાધિ લૂંટાય છે વિષયો અને તેના તરફનો રાગ મહા દુઃખરૂપ છે કેમ કે તે આત્માની શાંતિને લૂંટે છે. પણ મૂઢને તેનું ભાન નથી.

અજ્ઞાનીને આત્માનું સુખ અને શાંતિ નથી અને તેનાથી વિરૂદ્ધ દુઃખ અને અશાંતિ છે કેમ કે આનંદ અને સુખ-શાંતિનો આખો ભંડાર જે પોતાનો આત્મા છે તેની તો તેને શ્રદ્ધા નથી, રુચિ નથી, જ્ઞાન નથી અને તેનાથી વિરૂદ્ધ દુઃખરૂપ એવા વિષયો અને રાગની તેને મીઠાશ છે. સ્વભાવનું વલણ નથી અને પરભાવમાં વલણ છે તેથી દુઃખરૂપ એવા વિષયોને સુખરૂપ જાણી સેવે છે. હરખાતો હરખાતો કૂવામાં પડે છે. ભગવાન આત્માનો પ્રેમ નથી અને બહારના વિષયોમાં જ પ્રેમ છે તેથી બહિરાત્મબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ દુઃખના કારણોને સુખના કારણ માનીને સેવે છે પણ તેમાં સુખ તો છે નહિ, તેથી માત્ર વલખાં મારીને દુઃખી થાય છે.

આચાર્યદેવે મિથ્યાદૃષ્ટિની મૂઢતાની ઝીણી-ઝીણી છેલ્લે સુધીની ખૂબ સ્પષ્ટતા કરી છે. પાંચેય ઇન્દ્રિયના વિષયોની અનુકૂળતા મેળવવા માટે તે કયુ પાપ નથી કરતો? ઘણી હિંસા કરે છે, ઘણી તૃષ્ણા કરે છે, જૂઠું બોલે છે, સ્ત્રીઓને સેવે છે, આરંભ-પરિગ્રહની કોઈ મર્યાદા રાખતો નથી. લક્ષ્મી મેળવવા માટે પાપ કરવામાં કાંઈ બાકી રાખતો નથી. "કયુ પાપ ન કરે!" એમ કહીને ઘણું કહી દીધું છે. પોતાની આબરું અને મોટપ રાખવા ધર્માત્માને આળ દેતાં પણ અચકાતો નથી. જ્ઞાની અથવા સજ્જન પુરુષો ઉપર પણ આળ દઈને પોતાની આબરૂ જાળવી રાખવા મથતો હોય છે અને જેની આબરૂ અને મોટપ પહેલેથી હોય તે પણ મોહમાં ફસાઈને અટકી જતો હોય છે. ઘરના અને સમાજના લોકો ખૂબ માન રાખતાં હોય તો ભાઈસાહેબ એ મીઠાશમાંથી નીકળી શકતાં નથી. જગતની મીઠાશ જ એવી છે કે આત્માની મીઠાશ આવ્યા વગર તેની મીઠાશ અંતરથી ખસે નહિ.

સાધુ થાય, ત્યાગી થાય પણ આત્માના સમ્યક્ ભાન વિના તેને પણ રાગની ક્રિયામાં મીઠાશ વર્તે છે. જે ખરેખર દુઃખરૂપ છે એવા મહાવ્રતાદિના પરિણામમાં તેને સુખ લાગે છે. જ્યાં સુખ લાગે તેની પ્રાપ્તિ માટે એ શું ન કરે! માટે જ આચાર્યદેવ કહે છે કે વિષયોને સુખના હેતુ જાણીને મિથ્યાદૃષ્ટિ બધી જાતના પાપ કરે છે, કાંઈ બાકી રાખતો નથી.

આ રીતે 'जिउ मिच्छत्ते' ઇત્યાદિ આઠ ગાથા દ્વારા મિથ્યાદૃષ્ટિની અંતર પરિણતીની વાત પૂરી કરી, હવે સમ્યગ્દૃષ્ટિની ભાવનાની મુખ્યતાથી 'काल लहेविणु' ઈત્યાદિ આઠ ગાથા કહે છે.

काल लहेविणु जोइया जिमु जिमु मोह गलेइ ।
तिमु तिमु दंसणु लहइ जिउ णियमें अप्पु मुणेइ ॥૮૫॥

હે યોગી! કાળ પામીને જેમ જેમ મોહ ગળે છે, ઓછો થતો જાય છે તેમ આ જીવ સમ્યગ્દર્શનને પામે છે અને નિશ્ચયથી પોતાના સ્વરૂપને જાણે છે.

શ્રી યોગીન્દ્રદેવ પોતાના શિષ્યને કહે છે હે ધર્મી! પોતાની કાળલબ્ધિ પામીને અર્થાત્ એ પ્રકારના પુરુષાર્થની યોગ્યતા પામીને જેમ મોહ ગળતો જાય છે તેમ સમકિત નજીક થતું જાય છે. પુરુષાર્થની ગતિ અંતરમાં વળતાં પોતાના અનુભવનો કાળ પાકી ગયો છે તેનું જ્ઞાન થાય છે તે વાતને અહીં કાળલબ્ધિની મુખ્યતાથી કહી છે. અનુભવપ્રકાશમાં સાધક–સાધ્યના બોલ લીધા છે તેમાં પણ કાળને સાધક કહ્યો છે અને દ્રવ્યમાં શુદ્ધતા થવી તેને સાધ્ય કહ્યું છે.

આમ તો, મિથ્યાત્વનો નાશ ક્રમે ક્રમે થતો નથી, એક ધડાકે જ મિથ્યાત્વનો નાશ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. ધીમે ધીમે મિથ્યાત્વ મંદ પડે તેમ તેમ અનુભવ થતો જાય એવું ન હોય. મિથ્યાત્વનો નાશ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જે મોહ બાકી રહે છે તે ક્રમે ક્રમે ટળતો જાય છે અને શુદ્ધતા અને આનંદ વગેરે વધતાં જાય છે. એ વાત ભાવાર્થમાં લેશે—કે મિથ્યાત્વાદિ દૂર થઈ જવાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતાં થતાં જેમ જેમ મોહ દૂર થતો જાય છે તેમ તેમ શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ સમ્યક્ત્વ થાય છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિનો કાળ પાકે ત્યારે પોતાના પુરુષાર્થની ગતિથી પ્રથમ તો મિથ્યાત્વનો નાશ અને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. તેમાં કાળને નિમિત્ત કહ્યો છે પણ પછી કાળને હેય પણ કહ્યો છે કેમ કે કાળ કાંઈ આદરવા યોગ્ય નથી. દ્રવ્યસંગ્રહમાં કાળને હેય જ કહ્યો છે. કાળથી કાંઈ ન થાય. પોતાનો પુરુષાર્થ ઉપર

કાળ તો પાકી જ ગયો હોય. જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદસ્વરૂપ તરફ પુરુષાર્થ ઢળે ત્યારે કાળલબ્ધિ તો હોય જ. જે કાળે કાર્ય થાય તેને કાળલબ્ધિ કહેવાય અને જે કાર્ય તેને ભવિતવ્ય કહેવાય.' એકવાર મિથ્યાત્વરૂપ મોહ ગળી ગયા પછી જેમ જેમ રાગ ઘટતો જાય છે તેમ તેમ આનંદ વધતો જાય છે. પછી આગળ વધીને વિશેષ સ્થિરતા પામે છે.

મિથ્યાત્વને વશ પડેલાં જીવને એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિયમાં આવવું પણ ઘણું મુશ્કેલ છે. તો ભાઈ! તું તો કયાં આવી ગયો છો! કેટલી દુર્લભતા તેં પ્રાપ્ત કરી લીધી છે! અગ્નિ, પાણી, વાયુ, વનસ્પતિ આદિમાં એકેન્દ્રિય જીવને ભગવાને જોયા છે. એવા શરીરમાં આ જીવે અનંતકાળમાં અનંતવાર ભવ ધારણ કર્યાં છે. તેમાંથી બહાર નીકળીને બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌરેન્દ્રિય થવું પણ દુર્લભ છે. નિત્ય નિગોદમાં જીવે અનંતકાળ કાઢયો છે. એક શ્વાસમાં અઢારવાર જન્મ-મરણ એટલે અંતર્મુહૂર્તમાં ત્રણ હજાર સાતસો તોતેર ભવ એમાં ને એમાં થયા કરે એ રીતે અનંતકાળ તેમાં કાઢી નાંખ્યો છે. અનંત પુદ્‌ગલપરાવર્તન જેટલો કાળ તો એકલી નિગોદદશામાં ગયો છે. તેમાંથી નીકળીને બેઇન્દ્રિય થવું પણ ચિંતામણિરત્ન પામવા તુલ્ય દુર્લભ છે તો મનુષ્ય થવું તો કેટલું દુર્લભ હોય! મન વિનાના અસંજ્ઞી પંચેન્દ્રિય થવું પણ કઠણ છે તેનાથી વિશેષ સંજ્ઞી પંચેન્દ્રિય થવું કઠણ છે. પંચેન્દ્રિય થાય તો પણ પર્યાપ્તિ પૂરી પ્રાપ્ત થવી ઘણી કઠણ છે. તેનાથી આગળ મનુષ્ય થવું તો મહાકઠણ છે.

મનુષ્ય થાય તોપણ આર્યક્ષેત્ર અને ઉત્તમકુળ મળવું બહુ કઠણ છે. જુઓ! પૈસા અને સ્ત્રી, પુત્રાદિ મળવા કઠણ કહ્યાં નથી. મનુષ્યપણું મળવું કઠણ છે એમ કહીને આવું મનુષ્યપણું મળી ગયું છે તો આત્મકલ્યાણ કરી લે એમ કહેવું છે. મનુષ્યપણું મળે પણ અનાર્યદેશમાં કે હલકા કુળમાં જન્મ થયો હોય તો આત્માની વાત પણ સાંભળવા ન મળે. માટે આ બધું દુર્લભ છે છતાં આટલે સુધી તો જીવ અનંતવાર આવી ચુકયો છે.

મનુષ્ય થયા પછી અહો! તને શુદ્ધાત્માનો ઉપદેશ મળી ગયો એ કેટલું મહાભાગ્ય છે! આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. તારામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. પ્રભુ! તું શુદ્ધ છો હો. પર્યાયની અશુદ્ધતા અને રાગની કાંઈ ગણતરી નથી પ્રભુ! તું તો શુદ્ધ છો એવો ઉપદેશ પામવો મહાદુર્લભ છે. એવો અનુભવ તો દુર્લભ છે જ પણ એવો ઉપદેશ પણ દુર્લભ છે એમ કહ્યું છે. મનુષ્યપણું પામીને આર્યક્ષેત્ર, ઉત્તમકુળ અને શુદ્ધાત્માનો ઉપદેશ આદિ મળવું ઉત્તરોત્તર ઘણું કઠિન છે.

અહો! શુદ્ધાત્માનો ઉપદેશ! જેમાં પરિપૂર્ણ-ઠાંસોઠાંસ અતીન્દ્રિય આનંદ

ભરેલો છે તેનું શું કહેવું! વસ્તુ પરિપૂર્ણ છે, શુદ્ધ ભગવાન છે, નિર્મળાનંદ, જ્ઞાનાનંદનાથ છે. પર્યાયમાં અશુદ્ધતા છે તે કાંઈ આત્મતત્ત્વ નથી, એ તો આસ્રવ અને બંધતત્ત્વ છે. આવો ઉપદેશ સાંભળ્યા પછી તેમાં શું કહે છે તે પકડવું દુર્લભ છે અને પકડાયા પછી ગ્રહણ થવું તેનાથી પણ દુર્લભ છે. માત્ર સાંભળી લેવાથી તો કાંઈ પોતાનું કલ્યાણ થાય તેમ નથી.

આત્મતત્ત્વ સાંભળ્યા પછી તેનું ગ્રહણ થવું દુર્લભ છે, સમજ્યા વગર સાંભળવું નિરર્થક છે. હું આત્મા શુદ્ધ-નિર્મળસ્વભાવી છું એવું ગ્રહણ થવું દુર્લભ છે અને ગ્રહણ થાય તો એવી ધારણા ટકી રહેવી મુશ્કેલ છે. એ પણ થઈ જાય તો કાકતાલીય ન્યાયથી એટલે કે વૃક્ષ ઉપરથી ફળ પડતું હોય અને રસ્તામાં જ ઉડતાં કાગડાના મોઢામાં આવી જાય એવું ક્યારેક જ બને તેમ આ તત્ત્વની ધારણાં થઈ ગયા પછી સમ્યક્ત્વ પામવું એવું દુર્લભ છે. અનંતકાળે એવી આટલી તૈયારી થઈ ગયા પછી જો કાળલબ્ધિ પાકી ગઈ હોય તો જૈન શાસ્ત્રોક્ત માર્ગમાં વીતરાગે કહેલી વિધિથી મિથ્યાત્વ તથા અનંતાનુબંધી દૂર થઈ જવાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. ભગવાને કહ્યું કે તું શુદ્ધાત્માની શ્રદ્ધા કર, તેનું જ્ઞાન કર અને તેમાં ઠર! એ પ્રમાણે કરવાથી મિથ્યાત્વ દૂર થયું અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ કે જે અનંતકાળમાં કદી થઈ ન હતી. અનંતકાળમાં બીજું બધું મળી ચૂક્યું પણ એક આત્મપ્રાપ્તિ જ થઈ ન હતી.

વીતરાગદેવ કહે છે કે મિથ્યાભ્રાંતિને ટાળ અને શુદ્ધાત્માનો અનુભવ કર! આ વીતરાગે કહેલો શાસ્ત્રોક્તમાર્ગ છે. એ માર્ગે પુરુષાર્થ કરવાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય બીજા અજ્ઞાનીઓએ કહેલાં માર્ગથી કદી આત્મપ્રાપ્તિ થતી નથી. પુરુષાર્થ કરી આત્મપ્રાપ્તિ કરે તો તેને દુર્લભતાનો લાભ થયો કહેવાય. બાકી બીજી દુર્લભ ચીજો તો અનંતવાર પામ્યો, તેનાથી આત્માને કાંઈ લાભ થયો નથી.

સમ્યક્ત્વ થયા પછી જે રાગ બાકી રહે છે તે જેમ જેમ મંદ પડતો જાય છે તેમ તેમ સ્વરૂપમાં સ્થિરતા વધતી જાય છે. આત્માની રુચિરૂપ સમ્યક્ત્વ તો થયું હવે તેનું વિશેષ પોસાણ થતું જાય છે. આત્મા જ ઉપાદેય છે તેમાં સ્થિરતા વધતી જાય છે. પહેલાં પણ વિભાવની રુચિ ઘટાડીને સ્વભાવની રુચિનું વલણ વધારતો વધારતો આત્માના અતીન્દ્રિય આનંદને અનુભવે છે તેણે અનંતા જન્મ-મરણને ટાળવાનો ખરો પ્રયત્ન કર્યો...સમ્યક્ત્વ સાધ્યું...પછી પણ જે ઘર જોઈ લીધું તેમાં વારંવાર ઠરવાનો પ્રયત્ન કરતો...સ્થિરતા વધારતો જાય છે તેમ તેમ રાગ ગળતો જાય છે. તે શુદ્ધાત્મા

અને કર્મને જુદાં જુદાં જાણે છે અને વિશેષ અભ્યાસથી જુદાં પડતાં જાય છે.

શુદ્ધાત્માની એટલે જ્ઞાનપુંજ એવા જ્ઞાનપિંડની રુચિરૂપ પરિણામથી આ જીવ નિશ્ચય સમ્યગ્દષ્ટિ થાય છે. સમ્યગ્દર્શન એ સમ્યક્ પરિણામ છે, દ્રવ્ય કે ગુણ નથી. સમ્યગ્દર્શન એ નિર્મળ પર્યાય છે. કેવળજ્ઞાન પણ પરિણામ-પર્યાય છે, ગુણ નથી, પ્રગટ પરિણામ છે.

જૈનમાર્ગ અલૌકિક છે. તે લોકોને સાંભળવા મળવો પણ દુર્લભ થઈ ગયો છે ત્યાં એની રુચિ તો ક્યાંથી થાય! આત્માની રુચિ કરવી એ પ્રથમ કરવાનું કાર્ય છે તેના બદલે દાન કરી લ્યો, ભક્તિ-પૂજા કરી લ્યો, જાત્રા કરી લ્યો એવો ઉપદેશ મળે છે પણ એ કરવામાં ધર્મ કરવાનું કહ્યું છે તે જ પ્રથમ કર્તવ્ય છે, તે જ ઉપાદેય છે, તે જ નિશ્ચય સમ્યગ્દર્શન છે.

આટલી દુર્લભતાઓ બતાવી તેમાં આ શુદ્ધાત્માની રુચિરૂપ સમ્યક્ત્વ જ ઉપાદેય છે. શુદ્ધ આનંદ સ્વરૂપ અખંડ એક પૂર્ણ આત્માની અંતર્મુખ દૃષ્ટિ કરીને તેને અનુસરીને અનુભવ કરવો તે સમ્યગ્દર્શનરૂપ ધર્મ જ જીવને ઉપાદેય છે, તે જ અંગીકાર કરવાલાયક છે.

આ ૮૪ અને ૮૫ ગાથા બહુ સરસ આવી ગઈ. ૮૪મા એમ કહ્યું કે ભલે વિષયભોગ લેતો ન હોય પણ જેને સ્પર્શ, રસ, શબ્દ, આબરૂ, કીર્તિ આદિમાં રુચિ છે તેને ભોગની જ રુચિ છે—તે વિષય જ ભોગવે છે. એ વિષયની રુચિવાળા જીવો તેની પ્રાપ્તિ માટે કયો ઉપાય બાકી રાખે! કોઈ પાપ કરવાનું નહિ ચૂકે.

૮૫ મી ગાથામાં ભવભ્રમણ કરતાં જીવની દુર્લભતાઓ બતાવીને એક શુદ્ધાત્મ-પ્રાપ્તિની ઉપાદેયતા બતાવી. એક જેલમાંથી છૂટે તોપણ નિરાંત થઈ જાય તો આ તો અનંતકાળની જેલમાંથી છૂટવાનો ઉપાય બતાવ્યો છે. આ તો જેલ પણ કેવી! નિગોદની જેલમાં અનંત જીવ અને શરીર એક, તેના શ્વાસોશ્વાસ પણ એક, અંગુલના અસંખ્યમાં ભાગ જેટલાં ક્ષેત્રમાં અસંખ્ય તો ઔદારિક શરીર હોય તે એક એક શરીરમાં અનંત નિગોદના જીવ એક જ ઇન્દ્રિય અને આયુષ્ય અને શ્વાસ પણ જેના સમાન છે એવામાં અનંતકાળ આ જીવ રહ્યો છે. પણ અત્યારે તેનો વિચાર જ કરતો નથી. કેટલી હીણી દશા...! અહો કેવળજ્ઞાન લે તેવો ચતુર આત્મા, કેવળજ્ઞાનના અનંતમાં ભાગના જ્ઞાનસહિત એક શરીરમાં અનંત જીવો જેલ ભોગવી રહ્યાં છે. તે પણ કેટલો કાળ?—કે અનંતા પુદ્ગલ-પરાવર્તનકાળ. ભાઈ! હવે ત્યાંથી નીકળીને આટલી દુર્લભતા સુધી આવી ગયો છો તો શુદ્ધાત્મ ભગવાનની દૃષ્ટિ કર! જ્ઞાન કર! વારંવાર તેનો જ અભ્યાસ કર! એ જ ઉપાદેય છે. એ જ આ ગાથાનો સાર છે. (ક્રમશઃ) □

# □ ભેદ-વિજ્ઞાનની ભેદક-શક્તિનો મહિમા □

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૬ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેના અજીવ અધિકારમાં જીવથી અજીવ ભિન્ન છે અને અજીવથી જીવ ભિન્ન છે તેનું જ્ઞાન કરાવ્યું છે.

અજીવ અધિકારનો છેલ્લો કળશ અને છેલ્લું પદ્ય છે તેમાં ભેદવિજ્ઞાનનું પરિણામ કહે છે.

जैसै करवत एक काठ बीच खण्ड करै,
जैसै राजहंस निरवारै दूध जलकौं ।
तैसैं भेदग्यान निज भेदक–सकतिसेती,
भिन्न भिन्न करै चिदानन्द पुद्गलकौ ।
अवधिकौं धावै मनपर्यैकी अवस्था पावैं,
उमगिकै आवै परमावधिके थलकौं ।
याही भांति पूरन सरूपकौ उदोत धरै,
करै प्रतिबिंबित पदारथ सकलकौं ॥ १४ ॥

અર્થ–જેમ કરવત એક લાકડાના બે ટુકડા કરી નાંખે છે અથવા જેમ રાજહંસ દૂધ અને પાણીને જુદા કરી દે છે તેવી જ રીતે ભેદવિજ્ઞાન પોતાની ભેદકશક્તિથી જીવ અને પુદ્‌ગલને જુદાં–જુદાં કરે છે. પછી એ ભેદવિજ્ઞાન ઉન્નતિ કરતાં કરતાં અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને પરમાવધિજ્ઞાનની અવસ્થાને પ્રાપ્ત થાય છે અને એ રીતે વૃદ્ધિ કરીને પૂર્ણ સ્વરૂપના પ્રકાશરૂપ અર્થાત્ કેવળજ્ઞાનસ્વરૂપ થઈ જાય છે જેમાં લોક–અલોકના સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે.

જેમ કરવત એક લાકડા ઉપર ચલાવતાં તેના બે ટુકડા થઈ જાય છે તેમ ભેદવિજ્ઞાન એ કરવત સમાન છે તે શરીર, કર્મ, રાગ આદિથી આત્માને જુદો પાડી દે છે. જેમ રાજહંસની ચાંચમાં દૂધ અને પાણી જુદા પડી જાય છે તેમ ભેદવિજ્ઞાનની ભેદકશક્તિથી જીવ અને પુદ્‌ગલ જુદાં થઈ જાય છે. જ્યાં સુધી ભેદજ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાની શરીર, વાણી, મન, કર્મ આદિ મારા છે એમ માનીને પાપદૃષ્ટિને સેવે છે. તેને ખબર જ નથી કે શરીર અને આત્મા ભિન્ન ચીજ છે.

અનાદિથી આ શરીર, વાણી, પુણ્ય અને પાપ મારા છે તથા શુભ-અશુભભાવ થાય છે તે પણ મારા છે એમ માને છે તે મિથ્યાદષ્ટિ છે, તે પાપદષ્ટિવાળા પાપી પ્રાણી છે, તે ચોરાશીના અવતારમાં રખડતા રખડૂ છે. પોતાના જ્ઞાયકસ્વભાવને ભૂલીને શુભાશુભ ભાવને કરે છે તે અધર્મને સેવે છે. અધર્મ એ પાપ છે, તેને પોતાના માનીને મિથ્યાદષ્ટિ પ્રાણી ચોરાશી લાખ યોનિની ઘાણીમાં પિલાઈ રહ્યો છે.

મૂઢ લોકો તો એમ માને છે કે પૈસાવાળા સુખી છે, આબરૂવાળા સુખી છે, સુંદર સ્ત્રી, પુત્રાદિવાળા સુખી છે. શું એ વાત સાચી છે? ના—એ સાચું નથી, એ એની મૂઢતા છે. ભગવાન! તું તને ભૂલીને પરને મારા માનીને સુખ માની રહ્યો છો પણ એ તારી મોટી ભૂલ છે. તું વિચાર કર કે હું કોને મારા માનું છું અને ખરેખર કોણ મારું છે! ગુરુ તને તારું સ્વરૂપ બતાવે છે તે સમજ! જેમાં ચૈતન્યપ્રકાશ છે અને જેને અતીન્દ્રિય આનંદની મ્હોર છાપ છે તે તારું સ્વરૂપ છે.

આ અજીવ અધિકાર છે ને! અહીં શરીર, વાણી, મન તો અજીવ છે પણ જેમાં ચૈતન્યપ્રકાશ નથી એવા પરિણામ પણ અજીવ છે. પાપ તો અચેતન છે પણ દયા, દાન, વ્રત, ભક્તિના પુણ્યપરિણામ પણ ચૈતન્યપ્રકાશથી રહિત હોવાથી અચેતન છે. અજ્ઞાનીને માનવું કઠણ પડે એવી વાત છે. ભાઈ! તારા કરેલાં ભાવ જ તને નુકશાન કરે છે. તેનાથી તું જુદો પડી જા!

ધર્મી તો જાણે છે કે શરીર, કર્મ આદિ તો મારાથી ભિન્ન છે પણ પુણ્ય-પાપની લાગણી છે એ પણ મારાથી ભિન્ન અચેતન છે. મારો ધર્મ કોઈ જુદો છે. રાગનો એક કણ પણ મેલ છે, તેનાથી મારી ચીજ જુદી છે. જેમ હંસની ચાંચમાં એવી ખટાશ છે કે દૂધમાંથી પાણી જુદું પડી જાય છે, તેમ ધર્મીની ભેદજ્ઞાન દૃષ્ટિમાંથી રાગાદિ ભાવ જુદાં પડી જાય છે. તેથી જ ધર્મીને દુઃખના પંથથી પાછા વળીને સુખના પંથે ચડેલાં કહેવાય છે.

આ કરોડપતિ કહેવાય છે એ તો બધાં દુઃખી છે. કરોડ રૂપિયા તો જડ છે તો જડના પતિ તો જડ જ હોય ને! અમે આબરૂવાળા, અમે પૈસાવાળા, અમે કુટુંબ-વાળા...એ તારે કેટલાં વાળા છે! હામ દામ ને ઠામવાળા એ ત્રણેય જડ છે. દામ એટલે પૈસો તે જડ છે. ઠામ એટલે મકાન તે જડ છે અને હામ એટલે હિંમત એ પણ રાગમાં રહેલી હિંમત છે માટે જડ છે. તે બધાંને ભેદવિજ્ઞાન પોતાની ભેદક-શક્તિથી જુદા પાડી દે છે.

આ તો અંતરની ધીરજની વાતો છે ભાઈ! આ કાંઈ ઉતાવળે આંબા પાકે

તેમ નથી. પ્રભુ ! આ તારા ઘરની વાત છે. તારા ઘરમાં શું છે અને શું નથી તેની વાત પરમાત્મા તને ફરમાવે છે. તેને તું બરાબર ઝીલજે, નકામી જવા દઈશ નહિ. રાગ, લક્ષ્મી અને શરીરાદિને મારા માનીને મિથ્યાત્વને તેં અનંતવાર સેવ્યાં છે. હવે એકવાર અનંતકાળમાં જે નથી કર્યું એવું 'ભેદજ્ઞાન'નું કાર્ય કર પ્રભુ !.. ભેદવિજ્ઞાન શું કામ કરે છે ?—કે ભેદવિજ્ઞાન પોતાની ભેદક શક્તિથી રાગ અને જ્ઞાનને ભિન્ન કરે છે.

પ્રભુ ! તુમ જાણગ રીતી, સહુ જગ દેખતાં હો લાલ...
નિજસત્તાએ શુદ્ધ સહુને પેખતાં હો લાલ...

પ્રભુ ! આપ દરેક આત્માને પુણ્ય-પાપ, રાગ, શરીર વિનાના શુદ્ધ જુઓ છો. ભગવાન જેમ જુએ છે તેમ જેને જોતાં આવડે તેને ભેદજ્ઞાની અને ધર્મી કહેવાય. પાંચ-પચીશ હજાર દાનમાં દેવાથી ધર્મી થવાતું નથી. તેમાં પણ દાનરાશિમાં પોતાનું નામ આવે ત્યારે તેને ચેન પડે. પણ એ નામમાં તું કયાં ઘૂસી ગયો છો ? પણ મૂર્ખના કાંઈ ગામ જુદાં હોય છે ! નામ જોઈને એને શાંતિ થાય છે.

ભાઈ ! પૈસામાં તું નથી અને તારામાં પૈસા નથી. રાગમાં તું નથી અને તારામાં રાગ નથી માટે નામથી કે પૈસાથી કે રાગથી તારું અસ્તિત્વ ન માન. તું તારી ભેદજ્ઞાનની શક્તિથી જીવ અને પુદ્‌ગલને જુદાં પાડી દે. 'પુદ્‌ગલ' શબ્દમાં રાગ પણ સાથે સમજી લેવો. દયા, દાન, વ્રત, ભક્તિ, કરુણા, પરોપકાર આદિનો વિકલ્પ છે તે જડ છે, તે જ્ઞાન નથી, અચેતન છે, આત્માની જાતથી તેની જાત જુદી છે. શરીર, વાણી ને મન તો જડ-ધૂળ છે, આત્માની ચીજ નથી અને આત્માના થઈને રહેલાં નથી તેમ જ પુણ્ય-પાપના વિકલ્પ પણ આત્માના થઈને રહ્યાં નથી. આત્માથી ભિન્ન ચીજ છે.

અનાદિથી શરીર અને વિકારને આત્માના જ માનતો હતો એ તો એનું અજ્ઞાનનું નાટક હતું, ત્યાગી થયો તોપણ અંદરથી રાગની એકતા એણે ટાળી નથી તો એ ત્યાગી નથી પણ મિથ્યાદૃષ્ટિ-ભોગી છે.

જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ પ્રભુની દૃષ્ટિ એકવાર થઈ, પુદ્‌ગલથી જુદો પડી ગયો-ભેદવિજ્ઞાન થયું તે હવે તેની ઉન્નત્તિ કરતો કરતો અંતરમાં એકાગ્રતા વધારતો અશુદ્ધતા ઘટાડી અંતરમાં શુદ્ધતા વધારતો વધારતો કેવળજ્ઞાન સુધી પહોંચી જાય છે. પ્રથમ મતિ-શ્રુતજ્ઞાન તો સમ્યક્ થયાં છે, શરીર, વાણી, મન, રાગ આદિથી જુદું પડેલું ભેદજ્ઞાન એ જ સમ્યક્ મતિશ્રુતજ્ઞાન છે. પછી આગળ વધતાં અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને પરમાવધિજ્ઞાનની દશા પણ પ્રાપ્ત છે.

લોકોને એમ થાય કે આ ધર્મ કઈ જાતનો! જૈનધર્મમાં તો કંદમૂળ ન ખાવા, લીલોતરી ન ખાવી, છપરબી પાળવી, રાત્રે ચોવ્યાર કરવો, શીયળ પાળવું, જોઈને ચાલવું, દયા પાળવી, સાચું બોલવું એ ધર્મ છે એમ સાંભળ્યું છે પણ એ ધર્મ નથી ભાઈ! એ ભગવાનના ઘરની વાત નથી. ભગવાન તો એમ કહે છે કે આ વિકલ્પથી પણ જુદો પડીને અંદરમાં જા. વિકલ્પ છે તે રાગ છે, ઝેર છે, દુ:ખ છે તે તારી ચીજ નથી. તેનાથી જુદો પડ તો પ્રથમ ભેદજ્ઞાન થાય. પછી ક્રમે ક્રમે અંદરમાં એકાગ્રતા વધતાં અવધિજ્ઞાન થાય કે જે જ્ઞાન દ્વારા અસંખ્ય ચોવીશીના જડ ચૈતન્યના ભાવોને પોતામાં જાણવાની શક્તિ પ્રગટ થાય છે.

ભેદજ્ઞાન થયા પછી મુનિ થાય. મુનિ એટલે જે આત્માના આનંદમાં રમતો, શરીર અને રાગની ક્રિયાથી ભિન્ન પડતો સ્વરૂપની ઉગ્ર આનંદ દશામાં વર્તવા લાગે તેને બાહ્યથી વસ્ત્રાદિ છૂટી જાય, નગ્નદશા થઈ જાય અને અંદરની આનંદની દશા વધતી જાય. એવી મુનિદશામાં કોઈને મન:પર્યય જ્ઞાન પ્રગટ થઈ જાય છે તેમાં મુનિ બીજાના મનની વાત જાણી લે છે. મુનિને પરમાવધિજ્ઞાન પણ પ્રગટ થાય છે. પરમ-અવધિજ્ઞાન એટલે જેમાં બીજાના અસંખ્યાત ભાવોને જ્ઞાન કરી શકે છે.

આત્મા જ જ્ઞાનસરોવર છે એ વાત આગળ આવી હતી. જ્ઞાનસરોવરમાં પોતે જ કમળ છે અને પોતે જ તેની સુગંધ લે છે. તે આનંદ કેવો છે? કે જે ચક્રવર્તીના રાજમાં નથી, ઇન્દ્રના ઇન્દ્ર પદમાં નથી, જગતમાં ક્યાંય નથી એવો અતીન્દ્રિય આનંદ મુનિ પોતાના આત્મામાં અનુભવે છે. તેની પાસે ઈન્દ્ર, ચક્રવર્તીના આનંદ તો ઝેર જેવાં છે. તેનાથી જુદો પડી તું પણ તારા અતીન્દ્રિય આનંદનો અનુભવ કર! એમ સંતો ફરમાવે છે. ૫૬ મા પાના ઉપર આ કહ્યું છે—

तेरो घट सर तामैं तूही है कमल ताकौ
तूही मधुकर व्है सुवास पहिचानु रे !

તારા દેહ રૂપી ઘટમાં પ્રભુ બિરાજે છે પણ અરે! જેને ઇચ્છા વિના ચાલે નહિ, રાગ વિના ચાલે નહિ, શરીર અને તેની અનુકૂળતા વિના ચાલે નહિ એવા ભિખારીને આ પરમાત્મપદની વાત કેમ બેસે?

ભાઈ! તારાં આત્મસરોવરમાં અતીન્દ્રિય આનંદનું કમળ ખીલ્યું છે માટે ભમરો થઈને તું જ તારી સુવાસ લે. પ્રથમમાં પ્રથમ આ કરવાનું છે. બીજું કાંઈ પ્રથમ કરવાયોગ્ય લાગે છે તે તારું અજ્ઞાન છે. પોતાના ચૈતન્યસરોવરમાં પોતે જ

કમળ છે અને પોતે જ તેની સુવાસ લેવાની છે. એ સુવાસ લેતાં લેતાં જ આગળ વધી કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

આકાશમાં ચંદ્રમાની પહેલાં બીજ ઊગે પછી ત્રીજ, ચોથ, પાંચમ થતાં થતાં પૂનમ થઈ જાય છે તેમ પ્રથમ રાગાદિથી ભિન્ન પડીને આત્મામાં મતિ-શ્રુતજ્ઞાનની કળા ખીલવે તે બીજ છે. એવી તો આત્મામાં અનંતી ચૈતન્યકળા રહેલી છે. અનંત અનંત કેવળજ્ઞાનની કળા આત્મામાં ભરેલી છે. અંદરમાં નજર નાખ તો ભગવાન આત્મા અનંત કળા સહિત બિરાજમાન છે. રાગથી ભેદજ્ઞાન કરીને આવા નિજ ભગવાનની સુવાસ લે તે પ્રથમ ધર્મ છે. બાકી બધાં એકડાં વિનાના મીંડા છે. સમજાણું કાંઈ!

કહે છે કે પછી એ ભેદવિજ્ઞાન ઉન્નત્તિ કરતાં કરતાં પૂર્ણસ્વરૂપના પ્રકાશરૂપ અર્થાત્ કેવળજ્ઞાનસ્વરૂપ થઈ જાય છે. બીજ ઊગી હતી તે વધીને પૂનમ થઈ જાય છે, તેમ ભેદવિજ્ઞાન વધતાં વધતાં અંતે કેવળજ્ઞાનરૂપ પૂર્ણતાને પામે છે, જેમાં લોક-અલોકના સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે. જ્ઞાનસાગર ભગવાન-આત્માની કળી જે અજ્ઞાન-દશામાં સંકોચાયેલી હતી તેને ભેદજ્ઞાન વડે શરીર અને રાગાદિથી ભિન્ન પાડતાં સમ્યગ્જ્ઞાનની પ્રથમ કળા—ભેદજ્ઞાનકળા પ્રગટ થાય છે. પછી તો અવધિ, મનઃપર્યય, પરમઅવધિ આદિ કળા પણ ખીલે છે અને પૂર્ણ એવી કેવળજ્ઞાનકળા પણ આ જ માર્ગે ખીલે છે.

એક ભાઈ કાલે આવેલાં તે કહેતાં હતાં કે જિંદગી આખી ચાલી ગઈ પણ આ વાત કયારેય સાંભળી ન હતી...એમ કરીને તેની આંખમાં આંસુ આવી ગયા... આખી જિંદગી રાગની ક્રિયા કરવામાં ધર્મ માનીને જિંદગી ગુમાવી દીધી.

એક મુમુક્ષુ:—વાત સાચી છે, ધર્મીની સાચી ક્રિયાની કોઈને ખબર નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી:—વાત સાચી છે પણ શું થાય!

હવે આ અજીવ અધિકારનો સાર કહે છે.

મોક્ષમાર્ગમાં એટલે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં મુખ્ય અભિપ્રાય કેવળજ્ઞાનાદિ ગુણસંપન્ન આત્માનું સ્વરૂપ સમજાવવાનો છે. આત્મા અનંત જ્ઞાન આદિ ગુણથી સંપન્ન છે, તે પુણ્ય-પાપના રાગથી સંપન્ન નથી. શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન, શુદ્ધ આનંદ આદિ અનંતી પવિત્રતાના પિંડથી ભગવાન આત્મા ભરેલો છે. એવા આત્મ-સ્વભાવનો અનુભવ કરવાથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. બાકી રાગની ક્રિયા કરવાથી ધર્મ-મોક્ષમાર્ગ થાય તેમ નથી એમ સમજાવવાનો હેતુ છે.

જેમ સોનાની ઓળખાણ કરાવવા માટે સોના ઉપરાંત પિત્તળ, બંગડીના પીળા કટકા આદિનું સ્વરૂપ ઓળખાવવું જરૂરી છે કે જે કસદાર છે તે સોનું છે, પીત્તળ અને બીજી વસ્તુ હળવી હોય છે. સોનાની કટકી નાની હોય તો પણ કસદાર હોય છે તેના ઉપરથી સોનુ અન્ય ધાતુથી જુદું પાડી શકાય છે. તેમ ચૈતન્યમૂર્તિ આત્મા કસદાર સોના જેવો છે અને પુણ્ય-પાપના વિકલ્પ એ પિત્તળ જેવા છે અને શરીર, વાણી, મન તો કાચના કટકા જેવા છે. એમ તેની ઓળખાણ થાય તો સોનાના કંદ જેવા આનંદના નાથને જુદો પાડી શકાય છે.

એ જ રીતે હીરાની પરખ કરવા માટે જેમ હીરાનું અને કાચના કટકાનું સ્વરૂપ ઓળખવું પડે છે તો જ કાચના કટકાથી હીરાને જુદો પરખી શકાય છે, તેમ જીવપદાર્થને ઓળખાવવા માટે શ્રીગુરુ જીવપદાર્થ ઉપરાંત અજીવપદાર્થનું પણ સ્વરૂપ ઓળખાવે છે કે જે વડે દૃઢપણે આત્માને અજીવથી જુદો પાડીને અનુભવ કરી શકાય. આ સોનુ છે અને પિત્તળાદિ તેનાથી ભિન્ન છે, આ હીરો છે અને કાચના કટકા વગેરે હીરાથી ભિન્ન છે, તેમ આ ચૈતન્યહીરો છે અને શરીર તથા રાગાદિ ચૈતન્યથી ભિન્ન છે એમ દૃઢ ભેદજ્ઞાન કરાવવા માટે શ્રી ગુરુએ અજીવનું સ્વરૂપ પણ અહીં સમજાવ્યું છે.

અજીવતત્ત્વ જીવતત્ત્વથી સર્વથા ભિન્ન છે. જીવનું લક્ષણ તો ચેતન છે અને અજીવનું લક્ષણ અચેતન છે. દેહ, વાણી, મન અને પુણ્ય-પાપમાં અચેતન લક્ષણ છે. તેમાં ચેતન લક્ષણ નથી માટે તે જીવ નથી. શુભરાગ છે તે પણ પોતે પોતાને જાણતો નથી અને ચૈતન્યને પણ જાણતો નથી માટે તેને પણ અચેતન કહેવામાં આવ્યો છે. શુભરાગ પર વડે જણાય છે, પોતે જાણતો નથી, ચૈતન્ય વડે તે જણાય છે. રાગમાં પોતાને જાણવાની પણ તાકાત નથી. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ પોતે પોતાને જાણતો નથી તો એ વડે ચૈતન્ય તો કયાંથી જણાય! રાગનું જાણવું બીજા દ્વારા થાય છે એટલે કે રાગ વિનાના ચૈતન્ય દ્વારા રાગ જણાય એવી ચીજ છે માટે રાગને અચેતન અથવા અજીવ કહેવાય છે.

સંવત ૧૯૬૩માં સત્તર વર્ષની શરીરની ઉંમરે એકવાર વડોદરા જવાનુ થયું હતું. ત્યાં એક 'ભૂલભૂલામણી' છે જેમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવવા માટે એક માણસને ઊભો રાખવો પડે છે. એવો ભૂલભૂલામણો રસ્તો છે કે બહાર નીકળવાની સૂઝ જ ન પડે તેમ ઉપવાસ કરવાથી ધર્મ થાય, દયાથી ધર્મ થાય, દાનથી ધર્મ થાય એવી અનેક ક્રિયાથી ધર્મ મનાવવારૂપ મિથ્યાત્વની ભૂલભૂલામણી એવી છે કે તેમાંથી બહાર કેમ નીકળવું તે અજ્ઞાનીને સૂઝતું નથી. તેને શ્રી ગુરુ છૂટવાનો માર્ગ

બતાવે છે કે શરીર, વિકલ્પ અને રાગ એ કોઈ મારું સ્વરૂપ નથી એમ તેનાથી છૂટો પડ તો બહાર નીકળી શકીશ, બાકી કોઈ ઉપાય નથી.

સરોવર કાંઠે મૃગલા તરસ્યાં રે...અરેરે ! સાચા વારિ એને ના મળે રે લોલ... પુણ્યની ક્રિયામાં જ્ઞાનના પાણી નહિ મળે ભાઈ...ઝાંઝવામાં જળ નહિ મળે. એની પાછળ દોડી દોડીને અનાદિથી મરી રહ્યો છો હવે મનના મૃગલાંને પાછાં વાળજો રે...પુણ્ય-પાપની ક્રિયામાં ચોંટેલા મનને પાછું વાળ બાપા ! ત્યાં પાણી નથી ભાઈ! ત્યાં ધર્મ નથી. રાગની ક્રિયાને જાણનારું જ્ઞાન રાગથી જુદું છે. એ જ્ઞાન તે તારું સ્વરૂપ છે તેને ઓળખ તો ધર્મ થાય. રાગમાં તારા ચેતનનું લક્ષણ નથી માટે તેને તારાથી જુદો જાણ !

ભગવાને જગતમાં જીવથી જુદાં પાંચ દ્રવ્યો જોયા છે કે જે અચેતન છે. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ પાંચ અચેતન દ્રવ્ય છે. તેમાંથી પુદ્ગલ રૂપી છે અર્થાત્ ઇન્દ્રિયગોચર છે અને બાકીના ચાર દ્રવ્યો અરૂપી છે. પુદ્ગલદ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું છે માટે તેમાંથી તો એ સ્પર્શાદિ મળે પણ જીવ નહિ મળે. પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્યના ચિન્હોથી સર્વથા પ્રતિકૂળ છે. જીવ સચેતન છે અને પુદ્ગલ અચેતન છે.

'ચેતતો નર સદા સુખી છે' એમ કહેવાય છે ને ! રાગથી અને પુણ્યથી ભિન્ન પડતો આત્મા સદા સુખી છે. લોકોએ શબ્દો તો બરાબર ગોઠવ્યાં છે કે 'ચેતતો એટલે જાગતો નર સદા સુખી,' પણ ભાવને સમજતાં નથી. જીવ અને પુદ્ગલને ભિન્ન પાડે તે ચેતતો નર છે. પુદ્ગલ રૂપી છે અને જીવ અરૂપી છે. પુદ્ગલ ખંડ ખંડ સહિત છે અને જીવ તો અખંડ છે. ચૈતન્યમૂર્તિ અરૂપી અખંડ અભેદ કાતળી છે. એક એક આત્મા આવા અખંડ અને અરૂપી છે. બધાં થઈને એક આત્મા નથી.

પુદ્ગલની જેમ પુણ્ય-પાપ પણ સખંડ છે. ક્ષણમાં ગળે છે અને ક્ષણમાં મળે છે એવા આ ભાવ પણ ભાવપુદ્ગલ છે. મુખ્યપણે જીવને સંસારમાં ભટકવામાં પુદ્ગલ જ નિમિત્તકારણ છે. ઉપાદાન તો જીવનું પોતાનું છે પણ જીવ પુદ્ગલનું લક્ષ કરીને એ મારા છે એમ માને છે તે તેને સંસારમાં રખડવાનું કારણ થાય છે. પરની ચીજને પોતામાં ખતવી લે છે તેના ફળમાં સંસારમાં રખડવું પડે છે. લગ્નપ્રસંગે બીજાંને ત્યાંથી મોતીનો હાર પહેરવા લઈ આવ્યા હોય તેને પોતાની મિલકતમાં ખતવી લે તો ?—એ ચોર જ છે, દંડને પાત્ર છે. તેમ પુદ્ગલને મારું માને છે તે ચોર છે. તેને સંસારની જેલ મળે છે.

લગ્નપ્રસંગે સોનાની ઘડિયાળ વગેરે પહેરવા લઈ આવે છે ને ! અમારે ઘરમાં

જ મારી દીક્ષા પછી નાના ભાઈના લગ્ન હતા તો સોનાની ઘડિયાળ પેરવા લઈ આવ્યા હશે અને એ ચોરાઈ ગઈ. વળી લોકો તો સોનું ચોરાય તેમાં અપશુકન માને અને એવું બન્યું કે બે વરસ પછી ભાઈ મરી ગયો એટલે લોકોને વ્હેમ પડી જાય. પણ આયુષ્યની સ્થિતિ જે હોય તેમાં એક સમય પણ કોઈ ફેરફાર કરી ન શકે. પણ તારું ચૈતન્યનું સોનું લૂંટાય છે એ મોટું અપશુકન છે. આનંદનો નાથ ચૈતન્ય ભગવાન રાગ અને પુણ્યને મારા માનીને ચોર થઈ રહ્યો છે.

મોક્ષ અધિકારમાં આવે છે—પરની ચીજને મારી માને છે તે ચોર છે. દયા, દાન, વ્રતાદિના વિકલ્પને મારા માને છે તે ચોર છે. શાસ્ત્રમાં અનેક ઉપમાઓ, દૃષ્ટાંતો, સિદ્ધાંતો આપી આપીને જીવને જગાડવાનો પ્રયત્ન કર્યો છે પણ આ જાગે તો થાય ને! મોહની નિંદ્રામાં નસકોરા બોલાવે છે. એવી ગાઢ નિન્દ્રામાં સૂતો હોય તે કેમ જાગે!

ખાટલામાં સૂતેલો માણસ તે આઠ પાયાથી જુદો છે તેમ આઠ કર્મ અને પુણ્ય પાપથી આત્મા જુદો છે. જીવ તો અંદરમાં નિરાળો સત્ ચિદાનંદ પ્રભુ છે. પણ તેને નહિ જાણતો અજ્ઞાની જીવ સંયોગમાં પુદ્ગલમય શરીરથી સંબદ્ધ છે અને આઠ કર્મથી તે સર્વાત્મપ્રદેશોમાં જકડાયેલો છે. તેથી જાણે હું શરીર અને કર્મથી બંધાઈ ગયો છું એમ માને છે પણ વસ્તુ કદી બંધાતી નથી. તું તો માત્ર ભાવબંધથી બંધાયો છે. તારી વસ્તુ તો અબદ્ધસ્પષ્ટ છે.

અનંતશક્તિનો નાથ પુદ્ગલને બહુમાન દેવા ગયો ત્યાં પોતે જ લૂંટાઈ ગયો. તેને પુદ્ગલની મહિમા આવે છે તેમાં પોતાની શક્તિ ઢંકાઈ જાય છે—લૂંટાઈ જાય છે. પોતે જ હાથે કરીને લૂંટાઈ છે અને વળી ખુશી થાય છે. પુદ્ગલના નિમિત્તે જ તેને વિભાવ ઉત્પન્ન થાય છે. પુણ્ય-પાપ એ વિભાવ છે. એ કાંઈ સ્વભાવ નથી અને સ્વભાવથી ઉત્પન્ન થતાં નથી. કર્મના નિમિત્તનો સંગ કરે ત્યારે જ વિભાવ ઉત્પન્ન થાય છે. જેમ અગ્નિ લોઢામાં જાય ત્યારે જ તેના ઉપર ઘણના ઘા પડે છે, એકલી અગ્નિને કોઈ ઘણ મારતું નથી. તેમ એકલા જીવને કોઈ દુઃખી કરતું નથી પણ જીવ પુણ્ય-પાપની લાગણીમાં જોડાય છે ત્યારે તેને ચારગતિના દુઃખના ઘા વાગે છે.

અજ્ઞાનના ઉદયમાં અજ્ઞાની આ કર્મરૂપ પુદ્ગલના નિમિત્તે રાગ-દ્વેષ કરે છે અથવા આ પુદ્ગલોમાં ઇષ્ટ-અનિષ્ટ કલ્પના કરે છે. શરીર, સ્ત્રી, આબરૂ આદિ અનુકૂળ દેખીને તેમાં ઇષ્ટની કલ્પના કરે છે અને પ્રતિકૂળ દેખીને અનિષ્ટની કલ્પના કરે છે. તે તેની મૂઢતા છે. એ તો બધું જ્ઞેય છે. ઠીક કે અઠીક નથી. ઇષ્ટ અનિષ્ટ કાંઈ છે જ નહિ. જડની અવસ્થા એના થવા કાળે જેમ થવા યોગ્ય હોય તેમ થાય છે તેમાં તું ક્યાં ઘૂસી ગયો છે કે તે ક્યાં તારામાં આવી ગયા છે!

જો પુદ્‌ગલ ન હોત એટલે કે જીવની તેના ઉપર દૃષ્ટિ ન હોત, તેમાં જીવનું જોડાણ ન હોત તો આત્મામાં અન્ય વસ્તુનો સંબંધ ન થાત, તેમાં વિકાર અથવા રાગ-દ્વેષ ન થાત. સંસારમાં જેટલું નાટક છે તે બધું પુદ્‌ગલજનિત છે. પુદ્‌ગલ નાચો તો નાચો...મારો ભગવાન તો આનંદસ્વરૂપ છે તે પુદ્‌ગલના નાટકમાં આવતો નથી.

આમ કહીને મૂળ તો 'જ્ઞાતા-દૃષ્ટા' થવાનું કહ્યું છે. ૧૩મા પદ્યમાં છેલ્લી લાઈનમાં આવ્યું હતું કે 'સમ્યગ્દૃષ્ટિ આત્મા તે નાટકનો માત્ર જોનાર છે.' રાગ હોય તેનો પણ જાણનાર છે. તેને મારો માનતા નથી, દ્વેષ હોય તેનો પણ જાણનાર છે, મારો માનતાં નથી. શરીર સુંદર હોય તોપણ જાણનાર છે, મારું માનતા નથી અને શરીર બગડેલું હોય તોપણ સમ્યગ્દૃષ્ટિ તો માત્ર જાણનાર છે, તે કોઈને મારું માનતાં નથી. આમ જે 'જાણનાર-દેખનાર' રહે છે તે ધર્મી છે, તેનું પ્રયાણ મુક્તિ તરફ છે. બાકી પરને મારું માને છે તેના પ્રયાણ તો નરક અને નિગોદ તરફ છે. [ક્રમશઃ]

---

## 卐 દેખતો કૂવામાં પડે ?! 卐

આંધળો તો કુવામાં પડે એ અચરજ નથી પણ દેખતો પડે એ અચરજ છે, તેમ આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે અને સંસારકૂપમાં પડે છે એ મોટું આશ્ચર્ય છે. મોહ-ઠગે તેના માથે ઠગોરી નાખી છે તેથી તે પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે. જ્ઞાનમંત્રથી મોહ-ઠગોરીને ઉતારે ત્યારે નિજઘરને પામે. શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે કે પોતાના અખંડિત ઉપયોગનિધાનને લઈ અવિનાશી રાજ્ય કર! તારી હરામજાદીથી જ પોતાનું રાજ્યપદ ભૂલી કોડી કોડીનો જાચક કંગાલ થયો છે; તારું નિધાન તારી પાસે જ હતું પણ તેં સંભાળ્યું નહિ તેથી તું દુઃખી થયો. (શ્રી અનુભવપ્રકાશ)

[ ગતાંકથી ચાલુ ]

# અધ્યાત્મ-અમૃતના ઓઘ વડે અતીન્દ્રિય આનંદમય અનુભૂતિનું અભિસિંચન

[ શ્રી સમયસાર ગાથા-૩૨૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

## * દ્રવ્યથી નિરપેક્ષપણે પર્યાયનું સ્વતંત્ર પરિણમન *

શુદ્ધોપયોગ—આનંદની દશાનું વેદન તે પણ કોઈ અપેક્ષાએ એટલે કે તે ત્રિકાળ ટકતું નથી એ અપેક્ષાએ શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે. સંવર અધિકારમાં કહ્યું છે કે પુણ્ય-પાપના ભાવ એટલે કે વ્યવહારરત્નત્રયનો જેટલો ભાવ છે તે આત્મામાં ક્ષેત્રથી ભિન્ન છે, ભાવ તો ભિન્ન છે પણ એના પ્રદેશો પણ ભિન્ન છે, કેમ કે પ્રભુ આનંદનું દળ છે, તેમાંથી વિકાર ઉત્પન્ન થતો નથી તેથી તેનું ક્ષેત્ર ત્રિકાળીના ક્ષેત્રથી ભિન્ન છે. અસંખ્યપ્રદેશી પ્રભુમાં જે દયા-દાનના વિકલ્પ ઊઠે છે તે સ્વભાવથી તો ભિન્ન છે, પણ તે ક્ષેત્રથી ય ભિન્ન છે. ચિદ્‌વિલાસમાં તો એમ કહ્યું છે કે પર્યાય પર્યાયને લઈ ને છે, દ્રવ્યને લઈ ને નહીં. મોક્ષનો માર્ગ છે તે પર્યાય છે, તે પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું દાન દીધું તે પર્યાય, પર્યાયમાંથી પર્યાય થઈ ને પર્યાયના આધારે પર્યાય થઈ, દ્રવ્યના કારણે પર્યાય થઈ નથી.

## * ક્ષણિક પર્યાયથી કથંચિત્ ભિન્ન ત્રિકાળ ટકતું ધ્રુવતત્ત્વ *

અહીં તો કહે છે કે આનંદનો નાથ પ્રભુ નિજપરમાત્મદ્રવ્યથી નિશ્ચય-મોક્ષમાર્ગની પર્યાય કથંચિત્ ભિન્ન છે, કેમ કે ત્રિકાળી તત્ત્વ કાયમી ટકતું તત્ત્વ છે ને આ એક સમયની પર્યાય ક્ષણિક છે. મોક્ષમાર્ગની પર્યાય છે તે ક્ષણિક સંપદા છે પણ જ્યાં પૂરી સંપદા પડી છે એવા નિત્યાનંદ પ્રભુ શુદ્ધાત્મદ્રવ્યથી મોક્ષની પર્યાય-આનંદના લાભની પર્યાય કથંચિત્ ભિન્ન છે. મોક્ષમાર્ગની પર્યાયથી મોક્ષપર્યાય મળે તેમ કહેવું તે વ્યવહાર છે. મોક્ષની પર્યાય સ્વતંત્રપણે પોતે પોતાથી પોતાને પ્રાપ્ત કરે છે. મોક્ષમાર્ગના કારણે મોક્ષની પર્યાય થાય તેમ કહેવું તે વ્યવહાર છે. મોક્ષમાર્ગની તે પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.

## * વિષયી વિષયથી કથંચિત્ ભિન્ન શા માટે ? *

મોક્ષના માર્ગની પર્યાય કે જે અતીન્દ્રિય આનંદનો અપૂર્વ સ્વાદ તે પર્યાય છે; વ્યવહારમોક્ષમાર્ગ તો કથનમાત્ર છે પણ જે સાચો મોક્ષમાર્ગ અંતરમાં પ્રગટ્યો તે શુદ્ધ ત્રિકાળી ભાવથી કથંચિત્ ભિન્ન છે કેમ કે મોક્ષમાર્ગની પર્યાયનો કાળ એક

સમયનો છે અને પારિણામિકભાવ ત્રિકાળી છે. મોક્ષના માર્ગની નિશ્ચય અવસ્થા–વીતરાગી પર્યાય કે જેના કારણે મોક્ષ થાય એમ કહેવાય એવી પર્યાય શુદ્ધ પારિણામિક-ભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. સમ્યગ્દર્શનની પર્યાય પણ કથંચિત્ ભિન્ન છે અને સમ્યગ્દર્શનની પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી, સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ-ભૂતાર્થસ્વભાવ છે. સમ્યગ્દર્શન છે તે વિષયી છે ને ધ્રુવ ત્રિકાળી સ્વભાવ સત્યાર્થ છે તે વિષય છે, વિષયી છે તે વિષયથી કથંચિત્ ભિન્ન છે.

મોક્ષમાર્ગની પર્યાય શા માટે ભિન્ન છે? કથંચિત્ ભિન્ન કહો છો તેનું કારણ શું?—કે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ તે ભાવરૂપ છે ને મોક્ષમાર્ગની પર્યાય છે તે ભાવનારૂપ છે. મોક્ષમાર્ગની પર્યાય ત્રિકાળી ભાવરૂપ નથી. મોક્ષમાર્ગની પર્યાય છે તે દ્રવ્યથી કથંચિત ભિન્ન કેમ છે?—કે તે ભાવનારૂપ છે, તે વર્તમાન ભાવનારૂપ છે પણ ત્રિકાળી ભાવરૂપ નથી. ત્રિકાળી પારિણામિકને ભાવ કહીએ, પારિણામિક કહીએ, ધ્રુવ કહીએ, સદૃશ કહીએ અને આ પર્યાય છે તે વિસદૃશ છે, કેમ કે તે ઉત્પન્ન–વ્યય–યુક્ત દ્વન્દ્વ છે, મોક્ષનો માર્ગ પણ ઉત્પન્ન–વ્યય–યુક્ત છે. એક સમયે ઉત્પન્ન થાય ને બીજે સમયે વ્યય થાય છે. ભાવરૂપ જે ત્રિકાળી ભગવાન, તેની સન્મુખ થઈને પ્રગટેલી દશા છે તે ભાવનારૂપ છે, ત્રિકાળી ભાવરૂપ નથી અને શુદ્ધ પારિણામિકભાવ છે તે ભાવનારૂપ નથી, ભાવરૂપ છે.

આ જે કહેવાય છે તે ભાષાના ભાવને પકડવો જોઈએ. શુદ્ધ પારિણામિકભાવ છે તે ભાવનારૂપ નથી, તે વર્તમાન પર્યાયરૂપ નથી. મોક્ષના કારણ રૂપ જે અબંધ પરિણામ છે તે ભાવનારૂપ છે ને ત્રિકાળ શુદ્ધ પારિણામિક તે ભાવનારૂપ નથી, એ તો ભાવ છે. રાગ તો ક્યાંય દૂર રહી ગયો પણ મોક્ષનો માર્ગ પણ ભાવનારૂપ હોવાથી તે શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે.

### * મોક્ષમાર્ગની પર્યાય ને પારિણામિકભાવ અભિન્ન હોય તો? *

મોક્ષનો માર્ગ વીતરાગી શુદ્ધોપયોગી પર્યાય એ જો શુદ્ધ પારિણામિકભાવથી એકમેક હોય તો મોક્ષનો પ્રસંગ બનતા–મોક્ષ થતાં મોક્ષમાર્ગની પર્યાયનો વિનાશ થાય છે, જો આ ભાવના–મોક્ષમાર્ગ પારિણામિક સાથે અભિન્ન હોય, એકમેક હોય, તો મોક્ષની પર્યાય થતાં મોક્ષમાર્ગની પર્યાય નાશ થાય છે તેની સાથે દ્રવ્યનો નાશ થવો જોઈએ—દ્રવ્યનો નાશ થઈ જાય! જો તે પર્યાય ત્રિકાળીથી એકમેક હોય તો મોક્ષ થતાં એ પર્યાયનો તો નાશ થાય છે. સંવર, નિર્જરાની પર્યાય નાશવાન છે, કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે, કેમ કે પર્યાય એક સમયની મુદતની છે, પહેલે સમયે જે

કેવળજ્ઞાન છે તે બીજે સમયે ન રહી શકે, કેમ કે તે એક સમયની મુદતવાળી છે, ભગવાન આત્મા કાયમ રહેનાર અનાદિ અનંત છે.

શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માની સન્મુખના ઉપયોગરૂપ મોક્ષમાર્ગ ભાવનારૂપ હોવાથી જો તે ચૈતન્યના ત્રિકાળ સ્વભાવથી અભિન્નરૂપ હોય તો મોક્ષ થતાં એ પર્યાય નાશ થાય છે ત્યારે શુદ્ધ પારિણામિક પણ નાશ થાય. મોક્ષનો માર્ગ છે તે ભાવનારૂપ છે પણ ભાવરૂપ નથી, ત્રિકાળી ભાવના લક્ષે થયેલી તે ભાવના અને ભાવ એક નથી, જો એક હોય તો ભાવનાનો નાશ થઈને મોક્ષ થાય ત્યારે ભાવરૂપ પારિણામિક પણ નાશ થઈ જાય.

ભગવાન આત્મા પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવી ચીજ છે પણ જે ચીજ જણાય છે તે જાણનારી પર્યાયથી કથંચિત્ ભિન્ન છે. કેમ કે જો અભિન્ન હોય તો તે પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય. મોક્ષના કારણરૂપ મોક્ષમાર્ગની પર્યાય એમ અહીં કહ્યું છે પણ ખરેખર તો મોક્ષની પર્યાય છે તે મોક્ષના કારણભૂત મોક્ષમાર્ગથી પ્રગટતી નથી, કારણ કે તે સમયની મોક્ષની પર્યાય ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે, પૂર્વની મોક્ષમાર્ગની પર્યાયની બળજોરીથી ઉત્પન્ન થાય છે તેમ નથી. પરન્તુ અહીં તો પર્યાય દ્રવ્યથી કંથચિત્ ભિન્ન છે તે વાત સમજાવવી છે તેથી મોક્ષનું કારણ ત્રિકાળી દ્રવ્ય નથી પણ મોક્ષમાર્ગની પર્યાય છે તેમ કહ્યું છે. જો મોક્ષમાર્ગની પર્યાય અને વસ્તુ અભિન્ન હોય તો વસ્તુ જ ન રહે, શુદ્ધ પારિણામિકભાવનો નાશ થાય. પણ એમ તો બનતું નથી. કેમ કે સત્પણું છે તે કયાં જાય? અર્થાત્ શુદ્ધ પારિણામિકભાવ તો અવિનશ્વર હોવાથી તેનો નાશ થતો નથી અને પર્યાય નાશ થઈ જાય છે તેથી શુદ્ધ પર્યાયથી દ્રવ્ય કથંચિત્ ભિન્ન છે.

## ❋ ત્રિકાળીથી કથંચિત્ ભિન્ન એવી શુદ્ધ પર્યાય આશ્રય કરવા લાયક નથી ❋

માટે આમ ઠર્યું:—શુદ્ધપારિણામિકભાવવિષયક (-શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિક ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધપારિણામિક નહિ (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી).

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.

—ગુજરાતી ટીકા

માટે આમ ઠર્યું—શું ઠર્યું ?—કે આત્મા ત્રિકાળ પારિણામિકસ્વભાવભાવ છે અને તેના લક્ષે જે મોક્ષમાર્ગ પ્રગટે છે તે પર્યાય પણ તેનાથી કથંચિત્ ભિન્ન છે. તેનો આશય એમ છે કે મોક્ષમાર્ગની પર્યાય ક્ષણિક હોવાથી કથંચિત્ ભિન્ન છે તેથી તેનો આશ્રય લેવા લાયક નથી. વસ્તુ નિજાનંદ પ્રભુ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એ પરમ-સ્વભાવને પારિણામિકભાવ કહે છે. એ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. ખરેખર તો મોક્ષની પર્યાયમાં સ્વદ્રવ્ય નિમિત્ત છે, ઉપાદાન નથી. મોક્ષમાર્ગ છે તે ત્રિકાળી સત્યાર્થના આશ્રયે પ્રગટે છે એટલે કે તેના લક્ષે પ્રગટે છે છતાં પ્રગટ થયેલી જે પર્યાય છે તે પર્યાય ત્રિકાળીથી ભિન્ન છે. રાગ તો ભિન્ન છે જ, તેની તો વાત પણ નથી, એ તો ઉદયભાવ છે, બંધનું કારણ છે, પરન્તુ અહીં તો કહે છે કે જે નિશ્ચયમોક્ષ-માર્ગની પર્યાય છે તે પણ દ્રવ્યસ્વભાવથી કથંચિત્ ભિન્ન છે.

## * વિકારનો કર્તા વિકારી પર્યાય—નિર્મળ પર્યાયનો કર્તા નિર્મળ પર્યાય *

ભગવાન પૂર્ણાનંદનો નાથ કે જેનું લક્ષ કરતાં, રાગની અપેક્ષા વિના નિરપેક્ષ-પણે સ્વતંત્રપણે ષટ્કારકથી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. અરે! રાગાદિ વિકાર કે મિથ્યાત્વના પરિણામ થાય છે એ પણ ષટ્કારકના પરિણામથી સ્વતંત્ર-પણે થાય છે. મિથ્યાત્વભાવ થાય છે તેમાં કર્મના કારકોની અપેક્ષા નથી. મિથ્યાત્વનું પરિણમન ષટ્કારકના પરિણમન વડે સ્વતંત્રપણે થાય છે. મિથ્યાત્વભાવ છે તે વિકારી-ભાવ છે, તે પણ પોતાના ષટ્કારકોથી થાય છે, તેને કર્મની કે નિમિત્તની અપેક્ષા નથી. જ્યારે વિકારની પર્યાયને પણ—કે જે આત્માનો સ્વભાવ નથી, તેમજ કોઈ એવી શક્તિ નથી કે વિકારને કરે છતાં પણ સ્વતંત્રપણે પોતાના એક સમયના ષટ્કારકથી થાય છે, તો પછી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચયમોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે પોતે એક સમયના ષટ્કારકથી પરિણમન થઈને જ ઉત્પન્ન થાય. જે નિશ્ચયમોક્ષમાર્ગને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પણ અપેક્ષા નથી તે વ્યવહારરત્નત્રયના રાગથી થાય એમ કેમ બને ?

મોક્ષનો માર્ગ પ્રગટ્યો તે પર્યાયને દ્રવ્યની પણ અપેક્ષા નથી અને વ્યવહારના કારકોની પણ અપેક્ષા નથી, એ તો ષટ્કારકના પરિણમનથી સ્વતંત્રપણે ઉત્પન્ન થઈ છે. સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય—એવી જે સમ્યગ્દર્શનની પર્યાય છે તે પણ ત્રિકાળ પરમ સ્વભાવભાવથી ભિન્ન છે. કેમ કે જે મોક્ષમાર્ગની પર્યાય છે તે જ્યારે મોક્ષ થાય છે ત્યારે નાશ પામે છે અને એ પર્યાય તથા ત્રિકાળી દ્રવ્ય જો અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં પારિણામિક દ્રવ્યનો પણ નાશ થાય, પણ ધ્રુવનો કદી નાશ થતો નથી.

શુદ્ધ પારિણામિક તો ત્રિકાળ અવિનાશી છે અને જે મોક્ષનો માર્ગ છે તે જ્યારે પરમાનંદનો પૂર્ણ લાભ એવો જે મોક્ષ થાય છે ત્યારે તેનો નાશ થાય છે, તેથી મોક્ષમાર્ગની પર્યાય અને વસ્તુ જો એક હોય તો પર્યાયનો નાશ થતાં વસ્તુનો નાશ થાય. માટે મોક્ષનો માર્ગ એવી પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.

## * દ્રવ્ય-સ્વભાવ નહીં, પણ ઉપશમ આદિ વીતરાગી ભાવ મોક્ષનું કારણ *

માટે આમ ઠર્યું કે શુદ્ધ પારિણામિકભાવ એવા ત્રિકાળી સહજાનંદ પ્રભુને અવલંબનારી જે ભાવના-ત્રિકાળી નિજાનંદ પ્રભુ તે ભાવ છે અને તેના લક્ષે-તેના અવલંબે જે નિશ્ચયમોક્ષનો માર્ગ પ્રગટે છે તે ભાવના છે, એવી ભાવનારૂપ ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક ભાવો સમસ્ત રાગાદિ રહિત છે. ઉપશમાદિ ભાવો સમસ્ત રાગાદિ રહિત છે એટલે કે કોઈ પણ રાગનો અંશ મોક્ષમાર્ગ હોઈ શકે નહીં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે મોક્ષનો માર્ગ ન હોય, તે ઉદયભાવ છે, તેથી બંધભાવ છે અને જે આ ઉપશમાદિ ભાવો છે તેઓ સમસ્ત રાગાદિ રહિત હોવાથી મોક્ષમાર્ગ છે—મોક્ષનાં કારણ છે. મોક્ષમાર્ગ છે તે પર્યાય છે પણ તે બિલકુલ રાગાદિ રહિત છે. ચોથા ગુણસ્થાને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપાચરણ પ્રગટ્યાં તે સમસ્ત રાગાદિ રહિત છે.

ઉપશમાદિ ભાવો સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી તેઓ મોક્ષનાં કારણ છે. દ્રવ્યાર્થિકનયનો વિષય જે વસ્તુ છે તે ત્રિકાળી શુદ્ધ ઉપાદાન છે અને ઉપશમાદિ છે તે પર્યાયનું શુદ્ધ-ઉપાદાન છે. શુદ્ધ ઉપાદાન એટલે કે જેનાથી કારણ-કાર્ય ગ્રહણ થાય એ ઉપાદાન, પર્યાય પોતે કારણ ને પર્યાય પોતે કાર્ય માટે ઉપાદાન. રાગ થાય છે તે અશુદ્ધ ઉપાદાન છે, તે કર્મને લઈને નહીં પણ પોતાની પર્યાયને લઈને થાય છે અને આ મોક્ષનો માર્ગ વીતરાગી પર્યાય છે, તે વીતરાગી પર્યાય પોતે જ શુદ્ધ-ઉપાદાનકારણભૂત છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે, વર્તમાન પર્યાય ત્રિકાળીને અવલંબે છે. ધર્મની દશા રાગને અવલંબતી નથી; ધર્મની દશા રાગને તો અવલંબતી નથી, પણ પોતાની દશાને પણ અવલંબતી નથી. ધર્મની દશાનો વિષય તે પર્યાય પોતે નથી, તે પર્યાય છે તો પોતે સ્વતંત્ર, પણ તેનો વિષય પર્યાય નથી. નિયમસારમાં એમ કહ્યું કે ઉપશમાદિ ત્રણ ભાવો છે તેને પરભાવ, પરદ્રવ્ય કહીને હેય કહીએ. વ્યવહાર-રત્નત્રયનો રાગ તો હેય છે, પણ નિશ્ચયમોક્ષમાર્ગ એ ત્રિકાળીની અપેક્ષાએ પરભાવ

છે એટલે કે પરદ્રવ્ય છે તેથી તે હેય છે. પણ અહીં તો કહે છે કે જે નિશ્ચયમોક્ષમાર્ગ છે તે સમસ્ત રાગાદિથી રહિત હોવાના લીધે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી એટલે કે તેને કોઈ નિમિત્ત કે વ્યવહારમોક્ષમાર્ગ કારણભૂત નથી પણ ઉપશમાદિ ભાવો મોક્ષનાં કારણ છે.

### * વ્યવહારરત્નત્રયનો રાગ તે વીતરાગી મોક્ષનું કારણ નથી *

ત્રિકાળીના આશ્રયે જે ઉપશમાદિ થાય તેઓ સમસ્ત રાગાદિ રહિત છે અને તે શુદ્ધ-ઉપાદાનકારણભૂત છે, તે મોક્ષનું કારણ છે. વ્યવહારરત્નત્રયના પરિણામ તે રાગ છે, તેને અવલંબીને મોક્ષનો માર્ગ કેમ પ્રગટે? ત્રિકાળી પૂર્ણાનંદના પડખે ચઢતા, રાગના પડખેથી ખસતા, પ્રગટેલી વીતરાગી દશા તે શુદ્ધ-ઉપાદાનકારણભૂત છે, તેથી તે મોક્ષનું કારણ છે. મોક્ષનું કારણ કોણ?—કે નિત્યાનંદ પ્રભુના આશ્રયે પ્રગટેલી દશા તે મોક્ષનું કારણ છે. પરંતુ શુદ્ધ-પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. ત્રિકાળી ધ્રુવ શુદ્ધસ્વભાવભાવ છે તે મોક્ષનું કારણ નથી, પણ મોક્ષનો માર્ગ છે તે મોક્ષનું કારણ છે, મોક્ષમાર્ગની પર્યાય છે તે કારણ છે, મોક્ષનું કારણ નથી. મોક્ષમાર્ગની પર્યાયનો પણ જેમાં અભાવ છે એવો શુદ્ધ-પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી, પણ મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે મોક્ષનું કારણ છે.

જે આ વ્યાખ્યા ચાલે છે તે પ્રગટ મોક્ષની દશાની વાત ચાલે છે, બાકી જે શક્તિરૂપ મોક્ષ છે એ તો ત્રિકાળ છે. અબંધ પારિણામિક વસ્તુ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તો મુક્ત જ છે. શક્તિરૂપ છે એ તો શુદ્ધપારિણામિકભાવ છે, એ તો વિદ્યમાન છે. જે શક્તિરૂપ મોક્ષ છે તે તો ત્રિકાળ સ્વભાવભાવ છે, તે મોક્ષ કરવો છે કે તે મોક્ષ થયો છે તેમ નથી, પણ એ શક્તિરૂપ મોક્ષનો આશ્રય કરીને જે પર્યાય થાય તે વ્યક્તિરૂપ મોક્ષ છે. તે વ્યક્તિરૂપ મોક્ષ મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે પણ દ્રવ્યથી પ્રાપ્ત થતો નથી. પર્યાય છે તે મોક્ષ પ્રગટ કરે છે, ત્રિકાળી ધ્રુવદ્રવ્ય મોક્ષને પ્રગટ કરતું નથી કે જડકર્મ મોક્ષને પ્રગટ કરતું નથી. ખરેખર તો શુદ્ધઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ કહ્યું એ પણ અપેક્ષિત છે. બાકી તો મોક્ષનો માર્ગ વ્યય થઈને મોક્ષની પર્યાય થાય એટલે કે કારણ જોર કરીને મોક્ષની પર્યાયને કરાવે છે એમ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પર્યાય પરાણે હઠ કરીને મોક્ષની પર્યાયને કરાવે છે કે તમારે થવું પડશે—એમ નથી.

## * અક્રિય વસ્તુમાં સમસ્ત ક્રિયાનો અભાવ *

એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે 'निष्क्रियः शुद्धपारिणामिकः' અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે? (શુદ્ધપારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા-રાગાદિ પરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવનાપરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે (અને શુદ્ધ-પારિણામિકભાવ તો અવિનાશી છે). શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે 'ण वि उपज्जइ ण वि मरइ बन्धु ण मोक्खु करेइ । जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ ॥' (અર્થાત્ હે યોગી! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી—એમ શ્રી જિનવર કહે છે.)

—ગુજરાતી ટીકા

આત્માનો જે ત્રિકાળી પારિણામિક ધ્રુવસ્વભાવ તેમાં તો મોક્ષનું કારણ નથી, જે દ્રવ્યવસ્તુ છે તે મોક્ષનું કારણ નથી, કારણ કે તે તો અક્રિય વસ્તુ છે. મોક્ષમાર્ગનું જે પરિણમન થાય, દ્રવ્યમાં ડોકિયું કરતાં—દ્રવ્યમાં દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન થાય તે પર્યાય છે, તે પર્યાય મોક્ષનું કારણ છે, વસ્તુ મોક્ષનું કારણ નથી, વસ્તુ તો ધ્રુવ છે.

શ્રી જયસેનાચાર્ય કહે છે કે ધવલાદિ સિદ્ધાંતમાં કયાંક કહ્યું છે કે ત્રિકાળી ધ્રુવવસ્તુ ઉત્પાદ-વ્યય વિનાની નિષ્ક્રિય છે, તેમાં મોક્ષના માર્ગની કે બંધમાર્ગની ક્રિયાઓ નથી. દ્રવ્ય છે તે અક્રિય છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્. વસ્તુમાં ઉત્પાદ-વ્યય વિનાની જે ધ્રુવવસ્તુ છે તે અક્રિય છે તેથી કોઈ પરિણમન, બદલવું કે મોક્ષમાર્ગની ક્રિયા તેમાં નથી. જે વસ્તુ છે તે નિષ્ક્રિય છે, અક્રિય છે અને જે નિશ્ચયમોક્ષમાર્ગ છે તે ક્રિયા છે. જે ધ્રુવ વસ્તુ છે તેના ઉપર દૃષ્ટિ નાખતાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રરૂપ, વીતરાગી પરિણમન છે તે નિશ્ચયમોક્ષમાર્ગ છે, અને એ નિશ્ચય-મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે.

જિનેશ્વરદેવ એમ કહે છે કે સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીતિ થવારૂપ સમ્યક્ દર્શન, સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપ-આચરણરૂપ જે નિશ્ચયમોક્ષમાર્ગ કે જે અપૂર્વદશા છે તે પણ વ્યવહાર છે, કેમકે પર્યાય છે તે વ્યવહાર છે અને દ્રવ્ય છે તે નિશ્ચય છે.

દ્રવ્ય છે તે અક્રિય છે અને તે નિશ્ચય છે તથા નિશ્ચયમોક્ષમાર્ગને સાધવો તે વ્યવહાર છે કેમ કે તે પર્યાય છે.

ભગવાન પૂર્ણાનંદનો નાથ તો નિષ્ક્રિય છે અર્થાત્ શુદ્ધ-પારિણામિકભાવ નિષ્ક્રિય છે. ધ્રુવ કાયમી ટકતું તત્ત્વ, ઉત્પાદ-વ્યય વિનાનું નિષ્ક્રિય છે. નિષ્ક્રિય એટલે શું?—જડની ક્રિયા ન કરી શકે માટે નિષ્ક્રિય?-નિષ્ક્રિયનો અર્થ શું?—કે પુણ્ય-પાપના ભાવ જે બંધના કારણની ક્રિયા છે તે ક્રિયાથી રહિત છે માટે નિષ્ક્રિય છે. બંધના કારણની ક્રિયારૂપ રાગાદિની પરિણતિ તે પારિણામિકભાવમાં નથી, તે ક્રિયા પર્યાયમાં છે. પારિણામિકભાવને નિષ્ક્રિય સિદ્ધ કરવું છે ને?—તેથી કહે છે કે બંધના કારણરૂપ ક્રિયા તેમાં નથી. ત્રિકાળી ભગવાન રાગાદિની પરિણતિથી રહિત છે, સમ્યગ્દર્શનનું ધ્યેય જે નિષ્ક્રિય દ્રવ્ય-વસ્તુ છે તે રાગાદિની બંધની ક્રિયાથી-પરિણતિથી રહિત છે.

* ધ્યેયરૂપ નિષ્ક્રિય ધ્રુવમાં બંધ-મોક્ષના કારણભૂત ક્રિયાનો અભાવ *

બંધના કારણરૂપ ક્રિયા—રાગાદિ પરિણતિ, તે-રૂપ પારિણામિકભાવ નથી, સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ તે રાગાદિની ક્રિયાથી રહિત છે અને મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવનારૂપ પરિણતિ, ત્રિકાળીધ્રુવ સ્વભાવની ભાવનારૂપ દશા, નિર્મળ પર્યાય તે મોક્ષના કારણભૂત ક્રિયા છે તે પણ દ્રવ્યમાં નથી; સમ્યગ્દર્શનની ક્રિયા દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે પણ તેમાં સમ્યગ્દર્શનની ક્રિયા નથી. આમ તો મોક્ષ અને બંધના પરિણામથી પણ રહિત દ્રવ્ય છે, પણ અત્યારે દ્રવ્યને નિષ્ક્રિય બતાવવું છે તેથી બંધના કારણભૂત ક્રિયા અને મોક્ષના કારણભૂત ક્રિયા ધ્રુવમાં નથી તેમ કહ્યું છે.

(ક્રમશઃ)


અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે

## 卐 જૈન ધાર્મિક શિક્ષણવર્ગ 卐

સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવિદ્યાના પ્રબળ પ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સોનગઢમાં તા. ૨૫-૭-૯૫ મંગળ થી તા. ૧૩-૮-૯૫ રવિવાર સુધી વીસ દિવસના ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર નિમંત્રણ છે. શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે.

[તા. ૭-૬-૯૫]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ : પુરુષો માટે શિક્ષણવર્ગ

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : 'બહેનશ્રીની સાધના અને વાણી' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા વાંચન

બપોરે ૪-૩૦ થી ૪-૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમયસાર નાટક' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન.

* શ્રી સુભાષભાઈ એમ. શેઠ વાંકાનેરનો અને રાજુભાઈ વી. કામદારનો ૧૫ ઓગસ્ટ, ૧૯૯૫ થી ૭૬ દિવસનો અમેરિકામાં કાર્યક્રમ છે. વિશેષ વિગત માટે યુ.એસ.એમાં વસતા મુમુક્ષુઓ વોશિંગ્ટનમાં — શ્રી હસમુખભાઈ એમ. શાહનો સંપર્ક કરે.

એડ્રેસ :—

HASMUKHBHAI M. SHAH

1409, RISING WIND COURT, SILVER SPRING, MD 20905 (U. S. A.)

PHONE : (301) 384-1746

* આવશ્યક સૂચના:—ગુજરાતી આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ-૯૫ થી જૂન-૯૬ સુધીના નવા વર્ષનું લવાજમ રૂા. ૯-૦૦ અથવા તો પોતાની ભાવિ પેઢીને પણ લાભ મળતો રહે તે માટે આજીવન સભ્ય બનવા રૂા. ૧૦૧-૦૦ સંસ્થાને તુરત મોકલી આપી વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.

* અષાઢ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૫–૭–૯૫ બુધવારથી તા. ૧૨–૭–૯૫ બુધવાર—આઠ દિન સુધી શ્રી નંદીશ્વર-જિનાલયમાં પંચમેરુ-નંદીશ્વર-વિધાનપૂજાપૂર્વક તથા શ્રી વીરશાસનજયંતી ( અષાડ વદ ૧, મહાવીર-તીર્થપ્રવર્તનજયંતી ) તા. ૧૩–૭–૯૫ના રોજ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમમંદિર'માં પૂજાભક્તિના—વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

—*—

## વૈરાગ્ય સમાચાર—

* વિંછીયાનિવાસી ( હાલ-મલાડ ) સ્વ. ચુનીલાલ હરીચંદ શાહના સુપુત્ર શ્રી હરકીશનભાઈ ( બટુકભાઈ ) ( વર્ષ–૫૩ ) તા. ૧૫–૨–૯૫ના રોજ હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* બડૌતનિવાસી પં. શ્રી ધર્મદાસજી જૈન તા. ૩–૩–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

* વઢવાણનિવાસી શ્રી રમણિકલાલ ધીરજલાલ શાહ ( વર્ષ–૭૫ ) ચૈત્ર વદ–૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી શ્રી પ્રાણલાલ રામજીભાઈ દેસાઈ ( વર્ષ–૯૩ ) તા. ૨૭–૩–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી ( હાલ-રાજકોટ ) શ્રી પ્રફુલચંદ્ર છબીલદાસ વારીયા (વર્ષ–૬૦) તા. ૨૫–૩–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શ્રી મુક્તાબેન ચંદ્રકાંત ઠાકર ( વર્ષ–૭૯ ) તા. ૯–૫–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી શ્રી મરઘાબેન મણિલાલ શાહ ( વર્ષ–૮૬ ) તા. ૨૯–૫–૯૫ના રોજ સુરેન્દ્રનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણાં વર્ષો સુધી સોનગઢમાં સ્થાયી રહીને ઘણો જ લાભ લીધો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

રાજકોટનિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર-પરિવારના સૌજન્યથી

કહાનગુરુ-અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે

# 卐 ૮૨મો બહેનશ્રી-ચંપાબહેન-જન્મોત્સવ 卐

[ તા. ૯-૮-૯૫ થી તા. ૧૩-૮-૯૫ ]

ક્રમબદ્ધ જેવા અતિ માર્મિક સિદ્ધાંતના હાર્દ પ્રકાશક, નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ સમજાવનાર, પુરુષાર્થની પ્રેરણામૂર્તિ, અધ્યાત્મયુગપ્રવર્તક, મુમુક્ષુ સમાજના પરમ તારણહાર, અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપકાર-મહિમાનું જીવનભર સ્મરણ કરનાર અને સ્મરણ કરાવનાર ભક્તશિરોમણિ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૨મી મંગલ જન્મજયંતી ( શ્રાવણ વદ બીજ ) રાજકોટ નિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર-પરિવારના સૌજન્યથી ભક્તિભાવપૂર્વક અતિ આનંદોલ્લાસ સહ સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે. જન્મ-જયંતીનો આ મંગલ મહોત્સવ બુધવાર, તા. ૯-૮-૯૫ થી શ્રાવણ વદ બીજ, રવિવાર તા. ૧૩-૮-૯૫—પાંચ દિવસ સુધી 'શ્રી ચૌંસઠઋદ્ધિ મંડલ વિધાન પૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ ટેપ-પ્રવચન, બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પૂજાભક્તિ, પુરુષો માટેનો શિક્ષણવર્ગ, યાત્રાની વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય આહ્‌લાદકારી રોચક કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

આ આનંદકારી મંગલ મહોત્સવની ભવ્ય નિમંત્રણ-પત્રિકાની લેખનવિધિ તા. ૧૬-૭-૯૫ રવિવારના રોજ રાખવામાં આવશે.

પૂજ્ય બહેનશ્રીના આ મંગલમય જન્મોત્સવનો અનુપમ લાભ લેવા પધારવા મુમુક્ષુસમાજને શ્રી વિનોદરાય કાનજીભાઈ શાહ-પરિવાર તરફથી હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## ✲ પર્યાયની સ્વતંત્રતા ✲

દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાનપરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી [illegible] થઈ છે.

—ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ]

A 356 Smt. Kantaben M. Ajmera
Modi No. 2, Sita Burdy,
440012